# દિવ્યગીત
# ભગવદ્‌ગીતા

**નારાયણ**

ગુરુજી શ્રી જી.નારાયણની
અંગ્રેજી રચના
"સોંગ સુપ્રિમ" નો
ભાવાનુવાદ
હસમુખ ઉપાધ્યાય

# શ્રી સુખ બ્રહ્મ આશ્રમ,
# શ્રી કાલહસ્તિ (આંધ્ર પ્રદેશ )

**શ્રી વિદ્યા પ્રકાશ આનંદગિરિ સ્વામીજી તરફથી**
**સંદેશ**

તા.૧૨-૧૨-૯૭

દિવ્યઆશિષોની વર્ષા થજો. શ્રી નારાયણ એક ભકત અને "સાધક" છે. પોતાની સાધના દ્વારા તેમને જે આનંદ મળે છે. તે બધાને આપે છે અને એ દ્વારા જયારે સહુને આનંદની અનૂભૂતિ થાય છે, સ્પષ્ટતા અને શાંતિ થાય છે ત્યારે તેઓ સંતોષ મેળવે છે.

શ્રી નારાયણે "ગીતા" પર સતત દ્દષ્ટિ રાખી છે અનેગીતા-અમૃતને પૂરી રીતે માણ્યું છે. પચાવ્યું છે. આ તેમણે ગીતાને પદ્યમાં લખ્યું છે. જેથી તે સર્વને ઉપલબ્ધ થાય.

શ્રી નારાયણની વિશેષતા એ છે કે સામાન્ય જનતા અને ઉદ્યોગના આગેવાનોને ગીતાના સ્વાધ્યાયમાં સહાય કરવી જેથી ગીતા અભ્યાસનો આનંદ તેઓ પોતેજ અનુભવ કરે. એ જાણી ખુશી થાય છે કે ભગવદ્ ગીતા અંગ્રેજી અને તેલુગુમાં ( "સોંગ સુપ્રિમ" અને "તેલુગુ ગીતા" ) છપાઈ રહી છે.આ બન્ને રચનાઓ મેં તેમની પાસેથી સાંભળી છે.

ભાષા અને અર્થસાર આ બન્ને પુસ્તિકાઓમાં ઉત્કૃષ્ટ અને અતિસુંદર છે.

સોંગ સુપ્રિમ અને તેલુગુ ગીતાના વાચકોને ઇશ્વરના આશિષ હજો તેમને વિકાસ અને સંવાદીતાનું વરદાન હજો. આ રીતે શ્રી નારાયણનું કર્તવ્ય લક્ષ્ય સફળ થાવ. આવા વધુને વધુ યોગદાન માટે શ્રી નારાયણને ઇશ્વરની કૃપા રહેજો.

હરિ ૐ તત્ સત્

**વિદ્યા પ્રકાશ આનંદ**

ૐ

## શ્રી ગણેશાય નમઃ

વસુદેવ સુતં દેવં, કંસ ચાણૂરમર્દનમ્ ।
દેવકી પરમાનંદમ્ કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ ॥

## પ્રણામ

ગુરુજી શ્રી જી. નારાયણને
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય.

હસમુખ ઉપાધ્યાય.

# આદર અભિવ્યક્તિ

## ચાર મહાવાક્ય

તે ઉત્કૃષ્ટતા ચેતના છે.
તે ઉત્કૃષ્ટતા આ આત્મન્ છે.
તે ઉત્કૃષ્ટતા તમે જ છો.
તે ઉત્કૃષ્ટતા હું પણ છું.

એક જ ચેતના તમે, હું, ને આત્મન્ છે.
તે ઉત્કૃષ્ટતા સર્વ વ્યાપક પણ છે.

## જ્ઞાન દાતાઓને આદર

લખનાર ગણપતીને સાષ્ટાંગ નમસ્કાર કરું છું.
કહેનાર વ્યાસમુનિને સાષ્ટાંગ નમસ્કાર કરું છું
સ્વીકારનાર અર્જુનને સાષ્ટાંગ નમસ્કાર કરું છું
આપનાર શ્રી કૃષ્ણને સાષ્ટાંગ નમસ્કાર કરું છું.

## માતા પિતા અને શિક્ષકો પ્રતિ

પ્રેમદાતા, સીતાને વંદન કરું છું
ધૈર્ય દાતા, રામને વંદન કરું છું
આ જન્મના માતાપિતાને વંદન કરું છું.
જ્ઞાન આપનાર સૌ શિક્ષકોને વંદન કરું છું.

## જીવન સાથીને

જીવન સાથી,ગૌરવશાળી સુજના ! તું
જીવન સુધારક, અદભૂત સંવાદી તું
અહંકાર છેદનાર, તીક્ષ્ણ છરી તું
આનંદદાયક સાથી અને અતિ પ્રેમાળ તું.

## ભગવાન શ્રી વેદવ્યાસને

'બ્રહ્મસૂત્ર'ના સર્જક, 'બ્રહ્મન્' તમે.
ગીતા–અમૃત વહેંચનાર, 'હરિ' તમે.
ઉપનિષદના જ્ઞાતા, મુનિ–'ઈશ્વર' તમે.
પ્રભવ, પ્રચલન, પ્રલય તમે.

## ગુરુ શ્રી વિદ્યા પ્રકાશ આનંદગિરિ સ્વામીજીને

જ્ઞાન આપનાર 'વિદ્યા' સ્ત્રોત તમે.
ઉજાસ આપનાર, 'પ્રકાશ' તમે.

ગીતા પરમાનંદ આપનાર 'આનંદ' તમે
વિદ્યા પ્રકાશ આનંદ 'ગિરિ', 'સ્વામી' તમે

## આચાર્યોને નમસ્કાર

વલ્લભ! તમને પ્રેમ સાથે પ્રણામ કરું છું
માધવ! તમને પ્રશંસા સાથે પ્રણામ કરું છું.
રામાનુજ! તમને પૂજન સાથે પ્રણામ કરું છું.
શ્રી શંકર! હું તમે જ છો, પ્રણામ કરું છું.

## મધુર સંવાદીતાને
## અર્પણ

તમારા આંતર્યોગીને આ અર્પણ છે
મારી મધુર સંવાદીતા ને આ અર્પણ છે.

તમારી આંતર દિવ્યતાને આ અર્પણ છે
મારી અંદર વિરાજમાન આત્મન્ ને આ અર્પણ છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ✠ | અર્પણ | I |
| ✠ | આશિર્વચન | II |
| ✠ | પ્રસ્તાવના | III |
| ✠ | પ્રણામ | IV |
| ✠ | સ્નેહવંદના | V |
| ✠ | આદર અભિવ્યકિત | VI |
| ૧. | ખેદનો માર્ગ | ૧ |
| ૨. | પ્રકાશનો માર્ગ | ૬ |
| ૩. | કર્મનો માર્ગ | ૧૪ |
| ૪. | જ્ઞાનનો માર્ગ | ૧૯ |
| ૫. | સંન્યાસનો માર્ગ | ૨૪ |
| ૬. | ધ્યાનનો માર્ગ | ૨૭ |
| ૭. | જ્ઞાન વિજ્ઞાનનો માર્ગ | ૩૨ |
| ૮. | અક્ષર પરબ્રહ્મનો માર્ગ | ૩૫ |
| ૯. | રાજવિદ્યા અને રાજગુહ્યનો માર્ગ | ૩૮ |
| ૧૦. | દિવ્ય વિભૂતિઓનો માર્ગ | ૪૨ |
| ૧૧. | વૈશ્વિક દર્શનનો માર્ગ | ૪૮ |
| ૧૨. | ભકિતનો માર્ગ | ૫૪ |
| ૧૩. | ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો માર્ગ | ૫૭ |
| ૧૪. | આચરણનો માર્ગ | ૬૧ |
| ૧૫. | પુરુષોત્તમ સ્વરૂપનો માર્ગ | ૬૪ |
| ૧૬. | દૈવી અને આસુરી સંપદાનો માર્ગ | ૬૭ |
| ૧૭. | સમર્પણનો માર્ગ | ૭૦ |
| ૧૮. | મોક્ષસંન્યાસનો માર્ગ | ૭૩ |
| ✠ | ગીતા સત્ત્વ અને પદ્ધતિ | IX |
| ✠ | જિંદગીનું ગીત | X |
| ✠ | પછીનું પગલું/ગીતા જીવન પ્રકાશ | XII |
| ✠ | આભાર દર્શન | XIII |
| ✠ | ઋણ સ્વીકાર | XIV |

# દિવ્યગીત ભગવદ્ગીતા-૧
## ખેદનો માર્ગ (અર્જુનવિષાદ યોગ)

ધૃતરાષ્ટ્ર બોલ્યા :

૧. ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે એકઠા, યુદ્ધ જયાર્થે,
મારા ને પાંડુપુત્રોએ, શું કર્યુ ? સંજય ! કહે.

સંજય બોલ્યા :

૨. વ્યૂહ પાંડવસેનાનો જોઈ રાજા દુર્યોધન,
દ્રોણાચાર્ય પાસે જઈ, ઉતાવળે રહયા કહી.

૩. જુઓ આચાર્ય ! આ મોટી પાંડવસેનાને અહીં,
વ્યૂહે આપના બુધ્ધિશાળી, શિષ્ય દ્રૌપદે રચી.

૪. મહારથીઓની શૃંખલા, ભીમ, અર્જુન સમ શૂરા,
રાજા વિરાટ, યુયુધાન અને દ્રુપદ મહારથી.

૫. ધૃષ્ટકેતુ, ચેકિતાન, મહાબલી કાશીરાજ,
કુંતિભોજ, પુરુજિત, શૈબ્યરાજ મહારથી.

૬. યુધામન્યુ, અભિમન્યુ, પુત્રો અને દ્રૌપદી તણા,
પરાક્રમી ઉત્તમૌજા, જુઓ મહારથી રહયા.

૭. નાયકો આપણા સૈન્યે પ્રભાવી શકિતમાન છે,
યશસ્વી બુધ્ધિશાળી જે ગણાવું આપને અહીં.

૮. આપ, ભીષ્મ તથા કર્ણ, સદા વિજયી કૃપ, અને
અશ્વત્થામા, સોમદત્તી, યુધ્ધેદક્ષ વિકર્ણ છે.

૯. છે ઘણા વીર સાથી મારા જીવન રક્ષકો,
સર્વે યુદ્ધકળાપૂર્ણ, શસ્ત્રોસજજ અહોનિશ.

૧૦. અસીમિત આપણી સેના રક્ષક ભીષ્મ મહાન છે,
સામે સીમિત સેનાના, રક્ષક ભીમ બળવાન છે.

૧૧. અડગ રહીને યુદ્ધ કરજો સ્વસ્થાને રહીને બધા
રક્ષજો ભીષ્મને નિશ્ચે, સેનાધ્યક્ષ મહાનને.

૧૨. પૌત્ર ઉત્સાહ વધારવા, પ્રતાપી તાત ભીષ્મએ,
ધ્રુજાવી ધરા સિંહનાદે, શંખ ફૂંકયો બળે કરી.

૧૩. પછી શંખ, નગારાં, ઢોલ મૃદંગ ભેરી ઘણાં,
વાગ્યાં એક સામટા નાદ ભીષણ વિસ્તર્યા.

૧૪. ચતુઃશ્વેત અશ્વયુકત, રથ ઉત્તમ પર સંચરી,
શ્રી કૃષ્ણે પાર્થ સાથે દિવ્ય શંખો વગાડયા.

૧૫. શ્રી કૃષ્ણે પાંચજન્ય શંખ, દેવદત્ત ધનંજયે,
પૌંડ્ર ફૂંકયો મહાશંખ ભીમસેને ભયાનક.

૧૬. કુંતીપુત્ર યુધિષ્ઠિરે, અનંતવિજય ફૂંકયો તથા,
નકુલે શંખ સુઘોષ, સહદેવે મણિપુષ્પક.

૧૭. ધનુર્ધર શ્રેષ્ઠ કાશીરાજ, શિખંડી વીર સાત્યકિ,
ધૃષ્ટદ્યુમ્ન બલિ યુદ્ધે નૃપ વિરાટ મહારથી.

૧૮. દ્રુપદ અને દ્રૌપદી પુત્રો, અભિમન્યુ મહાભુજ,
રાજન્, સર્વ દિશાએથી, શંખ ફૂંકયા અલગ અલગ.

૧૯. કૌરવોના કર્ણ કંપ્યા, ઉર કંપ્યા ભયે કરી,
ધરા નભ શંખનાદે, કંપ્યા પ્રબળ ઘોષથી.

૨૦. કુરુસેના પ્રતિબદ્ધ નિહાળી શસ્ત્ર ફેંકવા,
કપિધ્વજ ધનુ લઈ, શ્રી કૃષ્ણને જઈ કહે.

૨૧. આપણા આ શ્રેષ્ઠ રથને, વચ્ચે લ્યો, અચ્યુત ! તમે,
થોભાવો જયાં નથી કોઈ, બેઉ સેના સમીપે.

૨૨. જેથી યુદ્ધ માટે અને, જેની સાથે લડવું મારે,
સારી રીતે જોઈ લઉં, સામે રહેલા સર્વને.

૨૩. મારે જોવું જાણવુ છે, યોદ્ધા એ કોણ છે બધા,
દુર્બુદ્ધિ દુર્યોધનનું, કોણ છે પ્રિય ઇચ્છતા.

સંજય બોલ્યા :

૨૪. અર્જુનના વચન સાંભળી, હૃષીકેશ કૃષ્ણએ,
બેઉ સેના વચ્ચે લીધો, ઉત્તમ તેમના રથને.

૨૫. ભીષ્મ દ્રોણની સામે, ને સૌ રાજાઓ પ્રતિ થઈ,
પ્રભુ બોલ્યા, પાર્થ ! જો આ કુરુસેના ભેળી થઈ.

૨૬. જોયા અર્જુને સર્વત્ર, નિકટના સહુ સગાને,
પિતા, દાદા, પુત્ર, પૌત્ર, ગુરુજનો ને સખાને.

૨૭. જોયા હિતેષી, સસરા, બેઉ તરફ બંધુને,
સ્વસમાન સહુને જોયા કુંતીપુત્ર અર્જુને.

૨૮. આપ્તજનોને જોઈને કરુણાએ અતિ ભર્યો,
ઉદાસીના ભાવ સહ, આમ પાર્થ કહી રહયો.

૨૯. શિથીલ મારા હાથ પગ, મુખ મારું સૂકાય છે,
રોમ કંપે સતત દેહે, દાહ અવિરત થાય છે.

૩૦ ધ્રુજે છે મારા હાથ ને ગાંડીવ સરી જાય છે,
ઊભા રહી શકાય ના ને મન ભ્રમિત થાય છે.

૩૧ કેશવ ! મને અહીં, અવળાં એંધાણ દેખાય છે,
યુધ્ધમાં સ્વજન હણીને અકલ્યાણ દેખાય છે.

૩૨. વિજય, રાજ્ય, બધા સુખોની નથી મને કામના,
રાજય, જીવન-ભોગોના પ્રયોજન સમજાયના.

૩૩. સુખ, ભોગ અને રાજ્ય જેને માટે ઈચ્છીએ,
તેઓ સર્વ પ્રાણ દેવા, ઊભા છે રણભૂમિએ.

૩૪. આચાર્યો, પૌત્રો-પિતામહો, પિતા અને પુત્ર છે,
પિતરાઈ, કાકા, મામા, સગાવહાલા મિત્ર છે.

૩૫. તેઓ મને મારે છતાં તેમને હું નહી હણું,
ત્રિલોક માટે નહીં, પૃથ્વી કારણ કેમ હણું?

૩૬. મારવા શાને મારે, દુષ્ટ હો તેઓ ભલે,
સગા અમારા છે તે, હત્યામાં એ પાપ છે.

૩૭. સ્વજનો હણવા, એ તો, આનંદ નથી પાપ છે,
આપણે નહીં મારીએ, ને, આ મારો નિર્ધાર છે.

૩૮. લોભે વણસી બુદ્ધિ છે, તેથી તેઓ આમ છે,
કુળનાશ, મિત્રનાશના, દોષોથી અજ્ઞાન છે.

૩૯. સમજીએ પાપને તેથી, પાપ વધતું રોકીએ,
કુળનાશને રોકવા માટે, યુદ્ધ ઘર્ષણ રોકીએ.

૪૦. કુળનો નાશ થતાં, ધર્મ સનાતન જાય છે,
ધર્મનાશ થતાં કુળે, પાપ વૃદ્ધિ થાય છે.

૪૧. પાપ વૃદ્ધિ થાય ત્યારે નીતિમત્તા જાય છે.
નીતિમત્તાનો નાશ થતાં, સર્વસ્વ હણાય છે.

૪૨. સર્વસ્વ હણાય ત્યારે, સારું સમસ્ત જાય છે,
નર્ક જેવું જીવન ને, બધું અનીષ્ટ થાય છે.

૪૩. નર્ક સમાન આ સ્થિતિમાં, નિયમો લોપાય છે,
સંકલ્પો નાશ પામતા, સદ્દ્ગુણો ખોવાય છે.

૪૪. સદ્દ્ગુણોના અભાવમાં નરકવાસ લંબાય છે,
હે જનાર્દન! મુજ પ્રભુ આવું મને સમજાય છે.

૪૫. હે જનાર્દન ! જુઓ તમે, કેવી દુઃખની વાત છે,
રાજ્ય સુખના લોભે સ્વજન હણવાની વાત છે.

૪૬. શસ્ત્રત્યાગ કરું હું, તે ભલે મારે મને હવે,
મૃત્યુ થાએ આમ મારું, શ્રેય થાતું મને દીસે.

સંજય બોલ્યા :

૪૭. આમ બોલી રણે પાર્થ, શોકથી વ્યાકૂળ મને,
રથમાં બેસી ગયો, ધનુષ્ય-બાણને ત્યજીને.

આ ખેદનો માર્ગ છે, આમાં આસકિતને કારણે ઉત્પન થતો ખેદ, તેમાંથી ઉદ્દ્ભવતા તાણ અને દબાણ અને ભ્રમમાં રહેલા માનવીનાં સ્થિતિ અને વર્તનનું વર્ણન છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્દગીતા-૨
## પ્રકાશનો માર્ગ (સાંખ્ય યોગ)

સંજય બોલ્યા :

૧. આંસુ સહ નેત્રો અને, કરૂણા સભરને,
ભગવાન બોલી રહયા, ઉદાસ અર્જુનને.

૨. ઉદાસીનું આ બંધન, આવી નિર્ણાયક પળે,
કયાંથી તને આવી પડયું? શું નથી નિન્દિત તને ?

૩. પાર્થ ! તું ભયભીત ન થા, ઉદાસી શોભતી નથી,
હે પરંતપ! ઊઠ તું શીઘ્ર, ભાવ દુર્બળ ત્યજીને.

અર્જુન બોલ્યા :

૪. પૂજય રહયા છે મારા, ભીષ્મ અને દ્રોણ જે,
કેમ કરી પ્રહાર કરું ? યુદ્ધમાં શસ્ત્રો વડે.

૫. વડિલોની હત્યા કરતાં, ભીક્ષા નિર્વાહ હું કરું,
લોહીવર્ણા બની જશે, એવા લાભને શું કરુ ?

૬. ન જાણુ શ્રેય, યુદ્ધે, ન જાણું કોણ જીતશે,
ભલું જીવવું જેને માટે,ઉભા સામે પક્ષે જે.

૭. સમજાતું નથી શું કરું, મંગળપથ ના જાણતો,
શરણે તમારે આવ્યો છું. સ્વામી ! નિશ્ચયે કહો.

૮. પૃથ્વીનું પ્રભુત્વ કે મળે સ્વર્ગનું રાજ અહીં,
ઇન્દ્રિયોને શોષનારો, શોક આ સમશે નહીં.

સંજય બોલ્યા :

૯. ઋષિકેશ શ્રી કૃષ્ણને, પરંતપ ગુડાકેશે,
'હું તો નહીં લડું', કહી મૌનને ધારણ કર્યું.

૧૦. બન્ને સેનાઓની વચ્ચે, શોક પામેલ પાર્થને,
જાણે હસતા હોય તેમ, શ્રી કૃષ્ણ વચનો કહે.

શ્રી ભગવાન બોલ્યા :

૧૧. શોક કરે તું અયોગ્યનો, ને ઉપર પાછો તર્ક કરે,
જીવતા – ન જીવતાના, જ્ઞાનીઓ શોક ના કરે.

૧૨. અર્જુન ! તું તથા હું, અને આ રાજા બધા,
હરેક કાળે હતા, નિત્ય હોઈશું બધા.

૧૩. બાલ્ય, યૌવન અને જરા દેહને આવ્યા કરે,
દેહાન્તર આવે જીવને, સમજ મોહને દૂર કરે.

૧૪. સુખ દુઃખ, શીતોષ્ણ આદિ, ક્ષણિક છે અનિત્ય ગણ,
ઈન્દ્રિયોના સંપર્કે, આવે જાય, સહન કર.

૧૫. સુખ દુઃખે સમભાવી, જેને બેઉ ના પીડે,
મોક્ષ યોગ્યતા મળે, તેવા ધીર પવિત્રને.

૧૬. અસત્યનું ના અસ્તિત્વ, નથી નાશ સત્યનો,
તત્ત્વને યથાર્થ જુએ, બેઉમાં જ્ઞાની જનો.

૧૭. જેથી સઘળું વ્યાપ્ત છે, નાશરહિત જાણ તે,
ન વિનાશ અવ્યયનો, શકય કોઈથી જાણજે.

૧૮. અપ્રમેય, અવિનાશી, નિત્ય આત્મા સનાતન
વિનાશી છે દેહ માત્ર, યુધ્ધ આચર અર્જુન !

૧૯. જે માને છે હણતા, જે માને એ હણાય છે,
બેઉ નથી જાણતા, એ હણે કે ના હણાય છે.

૨૦. અજન્મા આત્મા અમર છે, આવે કે એ જાય નહીં,
શાશ્વત, સનાતન, નિત્ય, દેહ મરાયે મરે નહીં.

૨૧. જે જાણે છે અવિનાશી, નિત્ય અજન્મા અવ્યવ,
કહે અર્જુન ! કેમ કરી હણે કે એ હણાવે.

૨૨. મનુષ્ય જૂનું વસ્ત્ર ત્યજી, નવાંને ધારણ કરે,
મૂકી જીવ જીર્ણ દેહ, નવો દેહ ધારણ કરે.

૨૩. શસ્ત્રો એને છેદે નહીં, અગ્નિ બાળી ના શકે
પાણી પલાળે નહીં, વાયુ સૂકવી ના શકે.

૨૪. છેદાય કે ના બળે, ભીંજાય કે સૂકાય ના,
સર્વવ્યાપક, સનાતન, સ્થિત અચળ છે સદા આ.

૨૫. અચિંત્ય છે જે અવ્યકત, નિર્વિકાર કહે છતાં,
એને આમ જાણ્યા થકી, શોક કરવો ઘટે નહીં.

૨૬. ને તું માને કે એના જનમ મરણ છે હર ઘડી,
તો પણ હે કૌંતેય! તને, શોક કરવો ઘટે નહીં.

૨૭. જન્મ્યાનું મૃત્યુ નિશ્ચિત, નક્કી જન્મ મૂઆ તણો,
ટાળવા અશકય વિષયે, શોક કરવો ઘટે નહીં.

૨૮. ન હતું આદિમાં કોઈ, અંતે કોઈ હશે નહી,
ફકત મધ્યે પ્રકટ તેનો, શોક કરવો ઘટે નહીં

૨૯. આશ્ચર્યથી કોઈ જુએ, આશ્ચર્યથી વદે કોઈ,
કોઈ સુણે આશ્ચર્યથી, તાગ પામે કોઈ નહીં.

૩૦. સર્વના દેહે વ્યાપ્ત છે, આત્મા અવિનાશી સદા,
તેથી કોઈ શરીર સારુ, શોક કરવો ઘટે નહીં.

૩૧ સ્વધર્મ જોઈને તારે, ડરવું યોગ્ય હોય ના,
ધર્મયુધ્ધથી શ્રેય મોટું ક્ષત્રિયોને હોય ના.

૩૨. આવું યુદ્ધ તો, અનાયાસે, ખુલ્લું, સ્વર્ગ દ્વાર છે,
ભાગ્યશાળી ક્ષત્રિયોને, અવસર આવો મળે.

૩૩. અને તું આ ધર્મયુકત, યુદ્ધમાં નહી રહીશ જો,
સ્વધર્મ ચૂકશે, કીર્તિ જશે, પાપમાં જઈશ તો.

૩૪. જગત લાંબોકાળ તારી, અપકીર્તિ ગાશે સદા,
કલંક તો સજજનોને મોતથી છે વધી જતા.

૩૫. મિત્ર મહારથીઓ તને, યુદ્ધે ભયભીત જાણશે
જેઓમાં બહુમાન્ય રહયો, તુચ્છ તેઓ માનશે.

૩૬. શત્રુમાં તુજ શકિતની, કડકપણે નિંદા થશે,
અપશબ્દો સાંભળવાથી, વિશેષ દુઃખ કયું હશે ?

૩૭. હણાશે તો સ્વર્ગ પામશે, જીતવાથી પૃથ્વી,
માટે પાર્થ ! ઊભો થા, યુદ્ધતણો નિશ્ચય કરી.

૩૮. સુખ દુઃખ, લાભાલાભ, હારજીત સમાન ગણ,
પાપ તને થશે નહીં, યુદ્ધને, તું, ધર્મ ગણ.

૩૯. જ્ઞાન આત્મવિષે કહ્યું, હવે કહું છું યોગને,
જે બુદ્ધિથી યુકત થતાં, કર્મોનાં બંધન જશે.

૪૦. શરૂ થયે બગડે નહીં, માર્ગમાં કોઈ દોષ નહીં,
અંશમાત્રના આચરણથી, ભય મોટો રહે નહીં.

૪૧. આ યોગમાં રહે બુદ્ધિ, એક નિશ્ચયે હોય છે,
બુદ્ધિ નિશ્ચિયહીનની, અનંત ભટકતી હોય છે.

૪૨. સુશોભિત પુષ્પો જેવી મધુર વાણી કહે છે,
'વેદોથી અન્ય કશું નથી', અલ્પબુદ્ધિ કહે છે.

૪૩. કામનાઓમાં તન્મય સ્વર્ગ સુખને પરમ કહે,
ઐશ્વર્યે ફળાસકત કર્મકાંડમાં રચ્યા રહે.

૪૪. ભોગ–ઐશ્વર્ય રાચે તેની બુદ્ધિ કુંઠિત થાય છે,
તે ક્રિયાઓમાં પ્રવૃત્ત રહેતાં, ચિત્ત અશાંત થાય છે.

૪૫. વેદો છે ત્રિગુણસભર, ત્રણે ગુણોથી ઉપર થા,
સુખ દુઃખાદિ દ્વંદ્વોવિણ નિશ્ચે આત્મવાન્ થા.

૪૬. પાસે વહેતી નદી છે તો, કૂવાનું શું કામ છે ?
જ્ઞાની બ્રહ્મનિષ્ઠ વ્યકિતને, વેદ–વિધિનું તેમ છે.

૪૭. કર્મમાં અધિકાર તારો, કર્મફળમાં કદી નહીં,
કર્મફળે આસકિત ન હો, અકર્મમાં ય પ્રીતિ નહીં.

૪૮. સિદ્ધિ–અસિદ્ધિએ સમાન, આસકિતને ત્યજી દઈ,
યોગે સ્થિર થઈ કર્મ કર, સમત્વ એ જ યોગ છે.

૪૯. સકામ કર્મ, ધનંજય ! બુદ્ધિયોગથી અલગ છે,
બુદ્ધિયોગને તું પકડ, ફળવાંચ્છુંઓ અધમ છે.

૫૦. બુદ્ધિયોગી અહીં છોડે, પાપપુણ્ય સમત્વથી,
યોગમાં તું યુકત થા, કર્મે કુશળતા યોગ છે.

૫૧. યોગબુદ્ધિમાં રહી જ્ઞાની, કર્મફળને ત્યાગતા,
જન્મબંધનથી મુકત તે, શુદ્ધ સ્વરૂપને પામતા.

૫૨. તારી બુદ્ધિ જયારે મોહ–વિચલિત મટી જશે,
સાંભળ્યા–સાંભળવા બાકી, બેઉથી છૂટી થશે.

૫૩. જયારે તારી વિચલિત બુદ્ધિ, સમાધિમાં સ્થિર થશે
શાંત, વિષાદહીન થઈ, સમત્વયોગ તું પામશે.

અર્જુન બોલ્યા :

૫૪. સમાધિમાં સ્થિતપ્રજ્ઞ તે, કેવી રીતે રહે છે ?
સ્થિર બુદ્ધિવાળો કેમ, બોલે, બેસે, ફરે છે ?

શ્રી ભગવાન બોલ્યા :

૫૫. મનમાં રહેલી કામનાઓ, સર્વને ત્યજી અને,
આત્મસંતુષ્ટ જે રહે, સ્થિતપ્રજ્ઞ તેને જાણવો.

૫૬. દુ:ખોમાં ઉદ્વેગરહિત, સુખોમાં નિસ્પૃહ અને
રાગ–ભય–ક્રોધવિણ રહે, સ્થિતિપ્રજ્ઞ તેને જાણવો.

૫૭. સર્વત્ર આસકિત રહિત, સારે નરસે શાંત રહે,
હરખ–ખેદ પામે નહીં, સ્થિતપ્રજ્ઞ તેને જાણવો.

૫૮. જેમ કાચબો અંગ સમેટે, મનુષ્ય એવું કરી રહે,
ઈન્દ્રિયો ખેંચે વિષયથી, સ્થિતપ્રજ્ઞ તેને જાણવો.

૫૯. નિગ્રહીને વિષયોની, અસર અટકી જાય છે,
રસ નિર્મૂળ વિષયોમાં, પરંદર્શને થાય છે.

૬૦. ભયાવહ છે ઈન્દ્રિયો, ખેંચે મનને વેગથી,
યત્નશીલ વિદ્વાનને પણ, પરાણે વિષય ભણી.

૬૧. યોગથી નિયમે રાખી મને પરાયણ થાય જે,
ઇન્દ્રિયો વશમાં રાખ્યે, બુદ્ધિ સ્થિર થાય છે.

૬૨. વિષય ચિંતનથી વિષયમાં આસક્તિ પેદા થાય છે,
આસક્તિથી કામ નીપજે, ક્રોધ કામથી થાય છે.

૬૩. ક્રોધેથી આવે મૂઢતા, મૂઢતાથી સ્મૃતિનાશ,
સ્મૃતિનાશે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.

૬૪. રાગ–દ્વેષ રાખે નહીં, ઇન્દ્રિયો વશમાં રહે,
વિષયોમાં રહે છતાં, પ્રસન્નતા આવી મળે.

૬૫. શાંતિ જયારે મનમાં થાય, સર્વે દુઃખો જાય છે
પ્રસન્ન ચિત્તવાળાની, સ્થિર બુદ્ધિ થાય છે.

૬૬. અયોગીને નહીં બુધ્ધિ, અયોગીને નિષ્ઠા નહીં,
નિષ્ઠાહીનને શાંતિ નહીં, અશાંતને સુખ નહીં.

૬૭. ઈન્દ્રિયોના વિષયોમાં, મન સદા જે રહે છે,
નૌકાને જેમ પવન હરે, બુધ્ધિને તે હરે છે.

૬૮. ઇન્દ્રિયોને વિષયનિવૃત્ત ને વશે જે કરે છે,
મન સંયમે જે રાખે છે તેની પ્રજ્ઞા સ્થિર છે.

૬૯. નિશા બધાં પ્રાણીઓની, તેમાં જાગે સંયમી,
જેમાં જાગે બધાં પ્રાણી, ગણે નિશા જ્ઞાની મુની.

૭૦. સમુદ્રમાં નદીઓ પ્રવેશે, છતાં શાંત અચળ છે,
કામનાનો પ્રવેશ છતાં, શાંત સંયમી અચળ છે.

૭૧. સર્વ કામના ત્યજીને, મમત્વ ને અહમ્ વિણ,
નિસ્પૃહે વર્તે તેને, પરમ શાંતિ મળી રહે.

૭૨. મોહ–દ્વેષ ન થતાં જેમાં, તે આ બ્રહ્મ દશા છે,
અંતકાળે ય આમાં જે, નિર્વાણ તેને મળે છે.

આ પ્રકાશનો માર્ગ છે. તેમાં સાંખ્ય યોગ જે જીવન પ્રકાશ છે તેનો, શરીર, મન અને બુદ્ધિની સ્થિરતાનો તથા સ્થિતપ્રજ્ઞના લક્ષણોનો મહિમા વર્ણવેલ છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્‌ગીતા-૩
## કર્મનો માર્ગ (કર્મ યોગ)

અર્જુન બોલ્યા :

૧. હે જનાર્દન ! કર્મથી, શ્રેષ્ઠ કહો છો જ્ઞાન તમે,
ઘોર કર્મ યુદ્ધ કરવા, કેમ કહો છો તાત મને ?

૨. તમારાં મિશ્ર વચનોથી, વિચાર–બુદ્ધિ ફરે છે,
નિશ્ચે તમે એક કહો, જેમાં મારું શ્રેય રહે.

શ્રી ભગવાન બોલ્યા :

૩. જ્ઞાનની જ્ઞાનીઓની, ને યોગીની કર્મયોગની,
નિષ્ઠા પૂર્વે મેં કહી, અર્જુન ! આ બે યોગની.

૪. કર્મ આરંભ ટાળવાથી, નિષ્કર્મતા ના મળે,
કેવળ કર્મત્યાગથી, શાંતિ સિદ્ધિ ના મળે.

૫. કર્મ ન કરતો, પલભર પણ, જગતમાં છે કોઈ નહીં,
પ્રકૃતિજન્ય ગુણો સૌને, કર્મ કરાવે વિવશ કરી.

૬. કર્મેન્દ્રિયો વશ કરે, વિષયો મનમાં તો રહે
ભોગની ઈચ્છાવાળો તે, મૂઢ મિથ્યાચાર કરે.

૭. કર્મેન્દ્રિયો વશ કરે, ને વિષયો મનમાં ના રહે,
ભોગ ઈચ્છુક ના રહે, તે ખરો યોગી બને.

૮. મળેલાં કર્મ અવશ્ય કર, ચડે કર્મ અકર્મથી,
દેહયાત્રા પણ સંભવ, નથી થતી અકર્મથી.

૯. યજ્ઞાર્થ સિવાયે કરેલાં, કર્મો આપે છે બંધન,
અનાસકત થઈ યજ્ઞાર્થે, તેથી કર્મ કર અર્જુન !

૧૦. યજ્ઞ સાથે પ્રજા સર્જી, બ્રહ્માજીએ કહ્યું છે,
પામો વૃદ્ધિ યજ્ઞથી, પામો ઈચ્છિત ફળ તમે.

૧૧. તમે દેવોને રીઝવો, દેવો તમને રીઝવે,
પરસ્પર શુભ વાંછીને, પામો ઉત્તમ શ્રેયને.

૧૨. યજ્ઞથી સંતુષ્ટ દેવો, ઈચ્છિત ફળ આપી રહે,
દેનારને જે દે નહીં, એકલપેટો ચોર ઠરે.

૧૩. યજ્ઞ પ્રસાદ વહેંચીને ખાએ, પાપમુકત તે થાય છે,
ફળ એકલો પોતે ખાએ, પાપયુકત તે થાય છે.

૧૪. અન્નથી ઊપજે જીવો, વરસાદે અન્ન ઊપજે,
વરસાદ આવે યજ્ઞથી, યજ્ઞ કર્મથી ઊપજે.

૧૫. કર્મ ઊપજે બ્રહ્મમાંથી, બ્રહ્મ અક્ષરે ઊપજે,
સર્વ વ્યાપી બ્રહ્મ તેથી, સદા યજ્ઞમાં વસે.

૧૬. સૃષ્ટિચક્રને માને નહીં, કર્મ-યજ્ઞ ના કરે,
ઈન્દ્રિયોના ભોગી પાપી, આખું જીવન વ્યર્થ કરે.

૧૭. આત્મમાં જ સુખી જે, આત્મમાં જ તૃપ્ત રહે,
આત્મસંતુષ્ટ મુકતને, શેષ કાર્ય ના રહે.

૧૮. કરે કે ન કરે, તેને, લાભ-હાનિ રહે નહીં,
તે મુકતને જગે કશો, સ્વાર્થ હેતુ રહે નહીં.

૧૯. તેથી અનાસકત થઈ, તું કર્તવ્ય કર્મ કર,
ગુમાવે તું કંઈ નહી, શ્રેષ્ઠને જ પ્રાપ્ત કર.

૨૦. જનકાદિ કર્મો વડે, સિધ્ધિને પામ્યા છે પાર્થ !
લોકસંગ્રહ કાજેય, કર્મ કરવા ઉચિત જાણ.

૨૧. શ્રેષ્ઠજનનું આચરણ, લોકો સર્વે અનુસરે,
જે તે પ્રમાણિત કરે, સમૂહ તેને અનુસરે.

૨૨. કાર્ય શેષ કાંઈ મારે, ત્રિલોકે નહીં ભારત !
પ્રાપ્ય બધું છે છતાં, પ્રવૃત રહું છું સતત.

૨૩. સાવધ રહીને કદાચ હું કર્મમાં ન રહું જો,
મારી રીતને અનુસરે, સહુ પ્રકારે સહુ તો.

૨૪. આ સૃષ્ટિઓ ભ્રષ્ટ થાય, જો હું કર્મ ના કરૂં
સંકરનો કરનારો હું, પ્રજાનો ઘાતી ઠરૂં.

૨૫. આસકત થઈ અજ્ઞાની જેમ કર્મ કરે છે,
જનહિતાય અનાસકત જ્ઞાની કર્મ કરે છે.

૨૬. મૂઢ આસકતના કાર્યો, જ્ઞાનીઓ ના ભંગ કરે,
પોતે કર્મ યોગે કરે, તેમાં તેને યુકત કરે.

૨૭. પ્રકૃતિના ગુણોથકી જ, સર્વે કર્મો થાય છે,
અહંકારથી વિમૂઢને, "હું કર્તા છું" થાય છે.

૨૮. તત્ત્વ જાણી, મહાબાહુ ! ગુણકર્મ વિભાગના,
'ગુણ ગુણમાં વર્તે છે' જાણી રાગી થવાયના.

૨૯. મોહિત પ્રાકૃત ગુણોથી, ગુણ કર્મમાં રત રહે,
અલ્પજ્ઞ તેવા મૂર્ખને, ચલિત જ્ઞાની ના કરે.

૩૦. સર્વ કર્મ મને અર્પી, સ્થિર આત્મા ચિત્ત કર,
આશા ને મમતા વિના, ખેદ છોડી યુધ્ધ કર.

૩૧. શ્રદ્ધા સાથે, દ્વેષહિન, અનાસકત જે થાય છે,
મારા મતે જે વર્તતો, તે કર્મ–મુકત થાય છે.

૩૨. મારો મત માને નહીં, આસકિત માર્ગે જાય જે,
જ્ઞાનહીન શ્રધ્ધા હીન, કર્મના બંધી થાય તે.

૩૩. જ્ઞાનીઓ પણ કાર્યમાં, સ્વપ્રકૃતિ અનુસરે,
સ્વભાવે સહુ જાય છે, નિગ્રહ શું કરી શકે ?

૩૪. ઈન્દ્રિયોને સ્વ-વિષયે, રાગ-દ્વેષ રહેલ છે,
વશ તેમને ન થવું, સત્પ્રથે રિપુ કહેલ છે.

૩૫. સ્વધર્મ અલ્પગુણી વડે, સુસેવ્યા પરધર્મથી,
સ્વધર્મે મૃત્યુ ભલે, પરધર્મ ભર્યો ભયથી.

અર્જુન બોલ્યા :

૩૬. ઈચ્છા ન હોય છતાં પણ, મનુષ્ય શાને પાપ કરે ?
જોડાયેલો જાણે બળે, મધુસૂદન ! તે કેમ ફરે ?

શ્રી ભગવાન બોલ્યા :

૩૭. કામક્રોધ, રજો ગુણ જન્ય, મહાભક્ષી જાણજે,
મહાપાપી આ શત્રુ હણી, જીતને તું માણજે.

૩૮. ધૂમાડાથી અગ્નિ ઢંકાય, અગ્નિ નિસ્તેજ થાય છે,
ઢંકાય દર્પણ ધૂળથી, દર્પણ અસ્પષ્ટ થાય છે,
ગર્ભ ઢંકાય ઓરથી, અંધકાર પથરાય છે,
જ્ઞાન ઢંકાય કામથી, પતન વ્યકિતનું થાય છે.

૩૯. તળીયે કાણાં પાત્ર જેમ, અતૃપ્ત અગ્નિ સમાન,
જ્ઞાનીઓનો વેરી કામ, ઢાંકી દે છે બધું જ્ઞાન.

૪૦. ઈન્દ્રિયો મન અને બુદ્ધિ, કામના આ સ્થાન છે,
કામ મોહે જ્ઞાન ઢાંકે, અંતે પતન પ્રસ્થાન છે.

૪૧. સાવધાન, માટે ભારત ! ઈન્દ્રિયોને તું વશ કર,
જ્ઞાન વિજ્ઞાનના નાશક, પાપી કામનો નાશ કર.

૪૨. દેહથી પર ઈન્દ્રિયો છે, ઈન્દ્રિયોથી મન પરે,
બુદ્ધિ મન થી પર છે ને આત્મા બુદ્ધિથી પરે.

૪૩. આમ પરં જાણ્યા પછી, આત્મદ્વારે આપ રહે,
કામ દુર્જય શત્રુનો, મહાબાહુ! તું નાશ કરે.

આ કર્મનો માર્ગ છે આમાં અનાસકત ભાવથી નિયત કર્મ બજાવવાં, કામના વિનાના કર્મ રૂપી યજ્ઞ કરવા, લોક સંગ્રહના કાર્યો કરવાની આવશ્યકતા, જ્ઞાની અજ્ઞાનીના લક્ષણો અને કામ ક્રોધ દૂર કરવાના વિષયોનું વર્ણન છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્‌ગીતા-૪
# જ્ઞાનનો માર્ગ (જ્ઞાન યોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. આ અવિનાશી યોગ, સૂર્યને મેં પ્રથમ કહ્યો,
સૂર્યે પુત્ર મનુને, મનુએ ઈક્ષ્વાકુને કહ્યો.

૨. એમ પરંતપ ! પરંપરાથી, રાજર્ષિથી જણાયો,
કાળાંતરે આ યોગ પછી, સૃષ્ટિ પરથી લુપ્ત થયો.

૩. આ જ પુરાતન મહાયોગ, જેમાં મર્મ શ્રેષ્ઠ છે,
આજે એ મેં તને કહયો, તું ભકત મિત્ર શ્રેષ્ઠ છે.

અર્જુન બોલ્યોઃ

૪. સૂર્ય જન્મ્યા પૂર્વમાં, તમે જન્મ્યા છો અત્યારે,
કેમ હું સમજું પ્રભુ ! તમે કહયો હતો ત્યારે ?

શ્રી ભગવાન બોલ્યા :

૫. અર્જુન ! આપણા જન્મો, થઈ ચૂકયા છે ઘણાં,
તું એ જાણતો નથી, હું જાણું છું તે બધા.

૬. અજન્મા, અવિનાશી, આત્મા સર્વનો ઈશ્વર છું,
પ્રકૃતિ વશમાં કરી, યોગ માયાથી પ્રગટું.

૭. જયારે ધર્મ નાશ પામે ને અધર્મ વધે અપાર,
ત્યારે જગતમાં ભારત ! ધારણ કરું હું અવતાર.

૮. સંતોના રક્ષણ માટે, દુષ્ટોને દંડ આપવા,
ધર્મની રક્ષા કાજે, જન્મું છું હું પુનઃ પુનઃ

૯. મારાં જન્મ દિવ્ય કર્મો, બરાબર જે જાણતો,
દેહ ત્યાગે મને મળે, પુનર્જન્મ ન પામતો.

૧૦. વીતરાગ ભય ક્રોધ, પૂરા મને આશ્રિત થયા,
વિમુકત સંતો દષ્ટા, બધાં મને પામી ગયા.

૧૧. જેઓ જેવી રીતે ભજે, તેવી રીતે જણાઉં છું,
સર્વ કોઈને સર્વથા, મારા જ માર્ગે જાણું છું.

૧૨. કર્મફળની ઈચ્છાવાળા, દેવતાને પૂજે છે,
માનવલોકે કર્મસિદ્ધિ, શીઘ્રતાથી મળે છે.

૧૩. ગુણકર્મના ભેદથી, વર્ણને મેં રચ્યા ચાર,
અવ્યય અકર્તા છું તેનો મને તું કર્તા જાણ.

૧૪. કર્મ મને લેપે નહીં, મને કર્મે સ્પૃહા નહીં,
એમ મને જે જાણતો, તેને કર્મ બાંધે નહીં.

૧૫. પૂર્વે મુમુક્ષુએ આમ, નિષ્કામ કર્મ કર્યુ છે.
કર્મને કર તેમજ તું, જે પૂર્વજોએ કર્યુ છે.

૧૬. "કર્મ શું ?" "અકર્મ શું ?", વિદ્વાનો ભરમાય છે.
યથાર્થ કર્મ કહું તને, જાણ્યે મુકત થવાય છે.

૧૭. જાણવા યોગ્ય કર્મ છે, જાણવા યોગ્ય વિકર્મ,
અકર્મ જાણવા યોગ્ય છે, ગહન છે આ કર્મ મર્મ.

૧૮. કર્મમાં અકર્મ દેખે, દેખે અકર્મ કર્મમાં,
બુદ્ધિમાન આ યોગીઓ, કૃતાર્થ બને કર્મમાં.

૧૯. જેની બધી પ્રવૃત્તિઓ, કામ–સંકલ્પ રહિત છે,
જ્ઞાની બાળે જ્ઞાનાગ્નિથી કર્મ કહે પંડિત છે.

૨૦. કર્મફળમાં અનાસકત, સદા તૃપ્ત નિરાશ્રયી,
સદા કર્મમાં રહે તોયે કશુંય એ કરે નહીં.

૨૧. તૃષ્ણાહીન, અસંગ્રહી મનબુદ્ધિ છે સ્વાધીન,
દેહ વડે પ્રવૃત છતાં, દાગ લાગે કંઈ નહીં.

૨૨. સહજ મળે તેથી સંતુષ્ટ, દ્વેષહીન, દૂર દ્વંદ્વોથી,
સિદ્ધિ–અસિદ્ધિમાં સમ તે, કર્મે બંધાયે નહીં.

૨૩. આસકિતહીન, મુકત રહે, ચિત્ત જ્ઞાનમાં લીન,
યજ્ઞ–અર્થે કર્મ કરે, કર્મ તેના થતા લીન.

૨૪. અર્પણ બ્રહ્મ, હવિ બ્રહ્મ, બ્રહ્મ અગ્નિમાં હોતા બ્રહ્મ,
બ્રહ્મકર્મની નિષ્ઠાથી, પ્રાપ્તવ્ય પણ બને બ્રહ્મ.

૨૫. કોઈ યોગી પૂજન વડે, દેવ–યજ્ઞો ઉપાસતા,
કોઈ યોગી બ્રહ્માગ્નિમાં, આત્મે આત્મને હોમતા.

૨૬. કોઈ સંયમ અગ્નિમાં, શ્રોતાદિ ઈન્દ્રિયો હોમતા,
કોઈ શબ્દાદિ વિષયોને, ઈન્દ્રિયાગ્નિમાં હોમતાં.

૨૭. ઈન્દ્રિયોનાં સૌ કર્મો અને પ્રાણશકિતનાં બધાં,
આત્મ સંયમ જ્ઞાનાગ્નિમાં કોઈ યોગી હોમતા.

૨૮. કોઈ દ્રવ્યે, કોઈ તપે, કોઈ યોગે યજ્ઞ કરે,
જ્ઞાનસાધને, સ્વાધ્યાયે, વ્રતે દઢ કોઈ કરે.

૨૯. કોઈ અપાનને પ્રાણમાં, અપાનમાં પ્રાણ હોમતા,
પ્રાણાયામના પરાયણો, શ્વાસ નિયંત્રણ રાખતા.

૩૦. કોઈ આહાર નિયમને પ્રાણે પ્રાણને હોમતા,
યજ્ઞવેત્તાઓ યજ્ઞથી, બધા પાપોને ટાળતા.

૩૧. યજ્ઞશેષસુધા લેનારા, પરંબ્રહ્મ પામતા,
આ લોકે કે પરલોકે, વિનાયજ્ઞ છે સુખી ના.

૩૨. યજ્ઞો આ બહુ પ્રકારના, વેદમાંથી ઉદ્‌ભવે,
કર્મો થકી સૌ યજ્ઞો છે, જાણ્યે મુક્તિ સંભવે.

૩૩. દ્રવ્યયજ્ઞથી જ્ઞાનયજ્ઞ, પાર્થ ! ચઢી જાય છે,
સઘળાં કર્મો જ્ઞાનના, સાગરમાં સમાય છે.

૩૪. વંદીને, સેવા કરીને, પ્રશ્નો નિર્માન કરીને,
તત્ત્વદર્શી અનુભવીથી પ્રાપ્ત કરજે જ્ઞાનને.

૩૫. એ જાણ્યા પછી તને ફરી નહીં આ મોહ થશે,
પાંડવ ! તારા મારામાં, "સૌ પ્રાણીઓ વસે" થશે.

૩૬. સર્વ પાપીમાં ભલે તું, મહાપાપી રહયો હશે,
જ્ઞાનની નૌકા વડે તું, સર્વ પાપો તરી જશે.

૩૭. ભભૂકતી જેમ અગનઝાળો લાકડાને રાખ કરે,
જ્ઞાનાગ્નિ તેમ કર્મને, ત્વરિત ભસ્મ કરે છે.

૩૮. જ્ઞાનના જેવું વિશ્વમાં, શુધ્ધ કરે કંઈ નહીં,
સિદ્ધયોગી, યથાકાળે, સમજે આ સ્વયત્નથી.

૩૯. શ્રદ્ધાવાન જિતેન્દ્રિય, તત્પર જ્ઞાન પામશે,
મેળવી જ્ઞાનને શીઘ્ર, પરમ શાંતિ પામશે.

૪૦. અજ્ઞાની અને સંશયી, શ્રદ્ધાહીનનો નાશ છે,
આ લોક કે પરલોકમાં, સંશયી અશાંત છે.

૪૧. ભગવત્ અર્પણ કર્મ કરે, છેદે સંશય જ્ઞાનથી,
આત્મપરાયણ ધનંજય ! કર્મે બંધાયે નહીં.

૪૨. અજ્ઞાને ઉત્પન્ન સંશય, જ્ઞાનખડ્ગે હણીને,
ઊભો થા હે ભારત ! યોગે સ્થિર તું રહીને.

આ જ્ઞાન માર્ગ છે. આમાં જ્ઞાન આપવા તથા પામવા વિશે, ધર્મના રક્ષણ અને અધર્મના નાશ માટે અવતાર, ગુણધર્મોના આધારે ચાર વર્ણોની રચના, કર્મ–અકર્મનો ખરો અર્થ, પરંબ્રહ્મની સર્વવ્યાપકતા, વિવિધ પ્રકારના યજ્ઞો અને અર્પણો, જ્ઞાનયજ્ઞની સર્વોપરિતા, શિક્ષણ અને અભ્યાસની ગુણવત્તા, જ્ઞાનપ્રાપ્તિ માટે સમર્પણની આવશ્યકતા, જ્ઞાનખડ્ગ વડે સંશયોનો નાશ અને આત્મપરાયણ થઈ કર્મ કરવા તૈયાર થવા બાબતનું વર્ણન કરેલ છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્‌ગીતા-૫

## સન્યાસનો માર્ગ (કર્મ સંન્યાસ યોગ)

અર્જુન બોલ્યા :

૧. કર્મત્યાગ તમે કહો છો, કહો છો કર્મયોગ પણ,
બે માંથી જે ચડે છે, કહો મને હે શ્રી કૃષ્ણ !

શ્રી ભગવાન બોલ્યા :

૨. કર્મત્યાગ અને યોગ બેઉ શ્રેય કરે જાણ,
કર્મત્યાગથી ચડે કર્મયોગને સારો જાણ?

૩. દ્વેષ-રાગ કરે નહીં, તે સંન્યાસી જાણવો,
દ્વંદ્વ મુકત, બંધનોથી સહજ મુકત જાણવો.

૪. કર્મ-જ્ઞાન, પ્રથક્ પ્રથક્, બાળક કહે, વિદ્વાન નહીં,
એકમાં પણ ઉત્તમ સ્થિતિ, શ્રેષ્ઠ સમાન ફળ અહીં.

૫. જ્ઞાન વડે જે પદ મળે, યોગથીયે પ્રાપ્ત છે,
જ્ઞાન-યોગને એક જુએ, એ જોયું યથાર્થ છે.

૬. યોગ વિના, કર્મ કરતાં, સંન્યાસ પ્રાપ્તિ કઠણ જાણ,
નિષ્કામ કર્મયોગી મુનિ, ત્વરિત પામે છે નિર્વાણ.

૭. યોગયુકત વિશુદ્ધાત્મા, મન ઈન્દ્રિયો વશ કરી,
સર્વમાં પોતાને જુએ, લેપે તેને કર્મ નહીં.

૮. જુએ, જમે, બોલે, સાંભળે, શ્વસે, ઊંઘે, કામ કરે
જાગે, ને આવે ને જાય, આંખ ખોલે ને બંધ કરે.

૯. 'ઈન્દ્રિયો નિજ વિષયમાં, વર્તે છે' તે જાણે મન,
'કાંઈ હું કરતો નથી', સમજે છે તે જ્ઞાનીજન.

૧૦. બ્રહ્મ અર્પણ કરી કર્મ, આસકિત છોડી કરે,
કમળપત્ર પાણીથી જેમ, અલગ પાપથી તે રહે.

૧૧. દેહ–મન–બુદ્ધિથી કે ઈન્દ્રિયોથી ફક્ત કરે,
યોગીઓ અનાસકત કર્મ, સ્વશુદ્ધિ કાજે કરે.

૧૨. યોગી, કર્મફળ ત્યાગી, મુકિત શાંતિને પામશે,
ફલેચ્છુ, કામરાગી, અયોગી બંધન પામશે.

૧૩. મનથી સૌ કર્મ ત્યાગી, નવદ્વારનગરી દેહે,
ન કરતો, ન ઈચ્છતો, સંયમી આનંદે રહે.

૧૪. કર્તાપણું, કર્મ અને, કર્મફળનો યોગ પ્રગટ,
પ્રભુ સર્જન ના કરે, સ્વાભાવિક થાયે પ્રગટ.

૧૫. કોઈનાં પાપ, પુણ્ય કર્મ, પ્રભુ ગ્રહણ ના કરે,
અજ્ઞાન જ્ઞાનને ઢાંકતું, પ્રાણી મોહમાં ફરે.

૧૬. જેમનું આવું અજ્ઞાન, આત્મજ્ઞાને નાશ થયું,
સૂર્ય જેવા જ્ઞાને તેનું, બ્રહ્મ પ્રકાશિત થયું.

૧૭. એકરૂપ બુદ્ધિ મન, "તે"માં સ્થિર તન્મય થઈ,
પરંગતિ તે પામે છે, જ્ઞાને પાપ રહિત થઈ.

૧૮. વિદ્વાન વિનયી વિપ્ર હોય, કે ભલે ચાંડાળ હોય,
ગાય ગજ કે શ્વાન હોય જ્ઞાનીઓ સમદર્શી હોય.

૧૯. જેના મનમાં સૌ વિશે, સમત્વભાવ થાય છે,
શ્રેષ્ઠ સમતા શુદ્ધ ગુણે, ભવબંધન જાય છે.

૨૦. પ્રિય પ્રાપ્તિથી હર્ષના, નહીં દુઃખ અપ્રિયમાં,
અસંશયી, સ્થિરબુદ્ધિ, રહે બ્રહ્મજ્ઞ બ્રહ્મમાં.

૨૧. વિષયોમાં અનાસકત જે આત્મસુખને જાણતા,
બ્રહ્મયોગે યુકત તે અનંત સુખને માણતા.

૨૨. વિષય સ્પર્શનાં સુખો, દુઃખશૂળ છે આપતા,
આદિ–અંત ધરાવે એ, જ્ઞાનીઓ દૂર રાખતા.

૨૩. દેહમુકત થતા પૂર્વે, ખાળવા સમર્થ જે,
કામક્રોધનાં વેગને, તે યોગી ને સુખી છે.

૨૪. અંતરમાં જે સુખ, આનંદ પ્રકાશ જાણતા,
બ્રહ્મરૂપ થઈને તે, બ્રહ્મનિર્વાણ માણતા.

૨૫. પામતા નિર્વાણ મુનિ, મેલ જેના દૂર થયા,
દ્વિધામુકત, જિતાત્મા જે, સૌ હિતે ખુશ રહ્યાં.

૨૬. કામ ક્રોધથી મુકત છે, ને ચિત્ત વશ કરેલ છે,
આત્મજ્ઞાની આ યતિને, સર્વે બ્રહ્મ ઠરેલ છે.

૨૭. શાંત, બાહ્ય વિષયો ત્યજે, દૃષ્ટિ ભ્રૂ–મધ્યે કરે,
સમાન પ્રાણાયામથી સંવાદી પ્રાણાયામ કરે.

૨૮. ઈન્દ્રિયમન બુદ્ધિ વશ, મોક્ષ તત્પર રહે જે,
ઈચ્છા, ભય, ક્રોધ ગયાં જેના, મુકત મુનિ થયા તે.

૨૯. મને યજ્ઞ તપના ભોકતા, સૌ પ્રાણીનો સખા ગણે,
અને વિશ્વેશ્વર ગણે મને, પરમ શાંતિ તેને મળે.

આ સંન્યાસનો માર્ગ છે, જેમાં સંન્યાસ અને કર્મયોગ વિષે પૃચ્છા, કર્મયોગની સર્વોપરિતા, કર્મ અને જ્ઞાનનું એકપણું, કંઈ પણ કરતો છતાં યોગીની મુકિત, પરમબ્રહ્મમાં સંપૂર્ણ સમર્પણ, યોગીની સમતાનું જ્ઞાન, સ્વમાં સ્થિર થઈને અક્ષય સુખનો રસ્તો, સર્વના આધાર પરમેશ્વરને જાણવાથી શાંતિની પ્રાપ્તિનું વર્ણન કરેલ છે.

ૐ તત્ સત્

# દિવ્ય ગીત ભગવદ્‌ગીતા-૬
## ધ્યાનનો માર્ગ (ધ્યાન યોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. સંન્યાસી યોગી, કર્મ કરે, ફલેચ્છા ત્યાગનારો,
નહીં યજ્ઞ ક્રિયાદિના, કર્મકાંડ ત્યાગનારો.

૨. જેને સંન્યાસ કહે તેને, કર્મયોગ તું જાણજે,
સંકલ્પો છોડે નહીં તે, યોગી નથી તું જાણજે.

૩. યોગમાં પ્રવેશવા કર્મ સાધન રહે.
યોગારૂઢ થયેલાનું, સાધન શમન રહે.

૪. ઈન્દ્રિયોના વિષયો તથા કર્મે અનાસકત બને,
સર્વ સંકલ્પ ત્યાગનારો, ત્યારે યોગારૂઢ બને.

૫. પોતાનો ઉદ્ધાર કરવો, કે કરવું પોતાનું પતન,
સ્વયં પોતાનો શત્રુ બને, કે બની રહે સ્વજન.

૬. જાતને જે જીતે છે, પોતાનો તે મિત્ર છે,
પોતે જાતને ના જીતે તો પોતાનો તે શત્રુ છે.

૭. ઠંડી-ગરમી, સુખ દુઃખ, સમ માન અપમાનમાં,
શાંતચિત્ત ને જિતાત્મા, તેનું સ્થાન પરમાત્મા.

૮. જ્ઞાન-વિજ્ઞાન વડે તૃપ્ત, સ્વસ્થ જિતેન્દ્રિય જે,
ઢેફાં સોનું સરખાં ગણે, તે યોગી યોગારૂઢ છે.

૯. વ્હાલા, વેરી, તટસ્થ, ઉદાસી કે સગા હોય
સાધુ અસાધુ વિશે, સમભાવે, તે શ્રેષ્ઠ હોય.

૧૦. એકાંતે નિત્ય એકલાં, મન શરીરને શાંત કરી,
ચિત્ત આત્મામાં જોડવું, આશાઓનો ત્યાગ કરી.

૧૧. નહી બહુ ઊંચુ કે બહુ નીચું, પવિત્ર સ્થાને બિછાવવું,
ક્રમે દર્ભ, ચર્મ, વસ્ત્ર, આસન સ્થિર જમાવવું.

૧૨. તે આસન પર બેસીને, મનને એકાગ્ર કરી,
આત્મશુદ્ધિ યોગ કરવો, ચિત્ત ઈન્દ્રિય વશ કરી.

૧૩. દેહ, મસ્તક, ડોક સીધાં, સ્થિર, મનને શાંત કરી,
આમ તેમ જોવું નહીં, નાસાગ્રે દષ્ટિ સ્થિર કરી.

૧૪. શાંત વૃત્તિ, નિર્ભય, વ્રતે રહી, મન સંયમી,
મત્પરાયણ, યોગમાં, મારામાં ચિત્તને ધરી.

૧૫. આમ યોગમાં રહેતો, મન શાંત સ્વાધીન કરી,
પામે પરમ નિર્વાણ શાંતિ, વસે મારામાં રહી.

૧૬. અતિ ખાવા, લાંઘવાથી, યોગ પ્રાપ્ત થતો નથી,
અતિ ઊંઘ્યે, જાગવાથી, યોગ પ્રાપ્ત થતો નથી.

૧૭. યથાયોગ્ય આહાર વિહાર, કર્મપ્રવૃત્તિયે,
યોગ્ય નિદ્રા ને જાગૃતિ, પીડાહારી યોગ બને.

૧૮. વશ ચિત્ત સૌ કામનાથી, મુકત જયારે થાય છે,
આત્મભાવે સ્થિર ત્યારે, યોગયુકત થાય છે.

૧૯. વાયુ વગરના સ્થાનમાં, દીપક શાંત સ્થિર છે,
સંયમી આત્મ યોગીનું, ચિત્ત શાંત અચલ છે.

૨૦. યોગ સેવનથી સ્થિર ચિત્તે, જયારે શાંતિ થાય છે.
આત્મથી આત્માને જોતો, આત્મમાં સુખ થાય છે.

૨૧. બુદ્ધિગ્રાહ્ય, અતીન્દ્રિય, અનંત સુખ થાય છે,
તે સ્થિતિમાં સ્થિર થતાં, અચળ સ્થિતિ થાય છે.

૨૨. જેને પામી, કશાયને, વધુ લાભ માને નહીં,
ખેદ કદી પામે નહીં, દુઃખોથી તે ડગે નહીં.

૨૩. દુઃખ સંયોગથી મુકત કરે, તે યોગ તત્ત્વ છે,
દૃઢ નિશ્ચયે, પ્રસન્ન ચિત્તે, આવો યોગ માણજે.

૨૪. સંકલ્પોથી જન્મતી, સૌ કામના ત્યજીને,
મનથી સૌ બધેથી, ઈન્દ્રિયો વશ કરીને.

૨૫. ધીરે ધીરે થવું શાંત, મન વૃત્તિ વશ કરી,
આત્મામાં સ્થિર થવું, અર્જુન ! અન્ય ચિંતન કંઈ નહીં

૨૬. ચંચળ, અવશ મન, ભટકે જયારે અહીં તહીં,
આત્મામાં તેને સ્થિર કરવું, જયાં ત્યાંથી નિયમે લઈ.

૨૭. પ્રશાંત મન, નિષ્પાપ, જે, કામના નિવૃત્ત છે
બ્રહ્મરૂપ તે યોગીને, મહાસુખ આ પ્રાપ્ત છે.

૨૮. આવો પાપરહિત યોગી, સદા યોગે સ્થિર રહે,
સુખે બ્રહ્મપ્રાપ્તિરૂપ, અતિ આનંદ મળી રહે.

૨૯. આવો યોગયુકત આત્મા, સમદષ્ટિ, ઐકય જુએ,
પ્રાણીઓમાં સ્વયંને, સ્વયંમાં પ્રાણીઓ જુએ.

૩૦. જે મને સર્વત્ર જુએ, ને બધું મુજમાં વળી,
તેને હું અદશ્ય નથી, તે નથી મુજને વળી,

૩૧. ઐકયપણાના ભાવમાં, સૌ પ્રાણીમાં મને ભજે,
સર્વ પ્રકારે વર્તે તો પણ, મારામાં જ તે રહે.

૩૨. સર્વ પ્રાણીમાં, સુખ દુ:ખમાં, સ્વ સમાન જે રહે,
સકળ સમભાવી શ્રેષ્ઠ, યોગી તે મુજમાં રહે.

અર્જુન બોલ્યા :

૩૩. આ યોગ સમભાવ રૂપે, તમે કહ્યો હે મધુસૂદન !
તેની સ્થિરતા હું ન દેખું, રહ્યું છે આ ચંચળ મન.

૩૪. વિહ્વળ કરનાર, ચંચળ મન, હઠીલું બળવાન છે,
તેનો વશ વાયુની જેમ, અતિ કઠિન વરતાય છે.

શ્રી ભગવાન બોલ્યા :

૩૫. ખરેખર મન ચંચળ છે, વશ કરવું તે અતિ દુષ્કર,
વાયુને પર્વત જેમ રોકે, બુદ્ધિથી તું મન વશ કર.

૩૬. મહાબાહુ ! અસંયમીને, યોગ, ખરે દુષ્પ્રાપ્ય છે,
અભ્યાસ અને વૈરાગ્ય, તેના બે ઉપાય છે.

અર્જુન બોલ્યા :

૩૭. શ્રદ્ધાવાન શિથિલ યત્નીનું મન ચલિત થાય છે,
યોગસિદ્ધિ ન પામતાં, તે કઈ ગતિએ જાય છે ?

૩૮. મૂઢ બ્રહ્મમાર્ગે, નિરાધાર, બે લોકેભ્રષ્ટ,
વિખાતાં વાદળની જેમ, શું થઈ જતો તે નષ્ટ ?

૩૯. મારા આ સંશયને કોણ નિર્મૂળ કરી શકે ?
આપ વિણ કોઈ નથી, જે આ સંશય હણી શકે.

૪૦. આ લોક કે પરલોકમાં તેનો નાશ થતો નથી,
શુભ કર્મ કરનારો, તાત્! દુર્ગતિ થતો નથી.

૪૧. પામે પુણ્ય લોક તે, દીર્ઘકાળ વસવાટ કરે,
ત્યાર પછી એ જન્મે છે, સારા શ્રીમંતના ઘરે.

૪૨. અથવા તે બુદ્ધિમાન, યોગીકુળમાં જન્મ ધરે,
ઘણું દુર્લભ આવું ફળ, પામવું છે આ જગે.

૪૩. અહીં તેને પૂર્વદેહનો, બુદ્ધિ સંયોગ થાય છે,
અને યોગ સિદ્ધિ સારુ, આગળ યત્ન થાય છે.

૪૪. અવશ પણે પૂર્વાભ્યાસે, યોગ પ્રતિ ખેંચાય છે,
યોગનો જિજ્ઞાસુ આ, શબ્દોની પાર જાય છે.

૪૫. ખંતથી, પ્રયત્નથી, દોષ મુકત થાયે યતિ,
આમ ઘણા જન્મો પછી, પામે છે એ પરંગતિ.

૪૬. તપસ્વીથી વધે યોગી, જ્ઞાનીથીય વધે તથા,
કર્મીથી પણ વધે યોગી, પાર્થ ! તેથી યોગી થા.

૪૭. સર્વે યોગીમાં શ્રદ્ધાળુ, ચિત્તમાં મને જે જુએ,
મારામાં લીન, મને ભજે, શ્રેષ્ઠ યોગી જાણ એ.

આ ધ્યાન અને આત્મસંયમનો માર્ગ છે. આમાં સ્વસુધારની રીતો, યથોચિતતાની સર્વોપરિતા ધ્યાનમાં પરમ સુખ, અંતર આત્માનું દર્શન, સમત્વ યોગ, ચંચળ મનને વશ કરવાની રીત, યોગભ્રષ્ટની સ્થિતિ અને યોગની સર્વોપરિતા વર્ણવેલ છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્‌ગીતા-૭
## જ્ઞાન વિજ્ઞાનનો માર્ગ (વિજ્ઞાન યોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. યોગયુકત મારો આશ્રિત, સદા રહે મારો આસકત
સમગ્ર મને જે નિઃશંક જાણે, તે સાંભળ હવે અર્જુન!

૨. રહસ્ય સહિત તત્ત્વજ્ઞાન, સાંભળ કહું છું તને
જે જાણ્યાથી શેષ બીજું, જગે જાણવું ના રહે.

૩. હજારોમાં જૂજ કોઈ, મને જાણવા યત્ન કરે
યતિ યત્નીઓમાં જૂજ, યથા અર્થ જાણે મને.

૪. ભૂ, વાયુ, જળ, અગ્નિ, આકાશ, મન, બુધ્ધિ, અહંકાર,
આ પ્રકારે વિભકત છે, મારી પ્રકૃતિ આઠ પ્રકાર.

૫. મહાબાહુ! અપરા મારી, પ્રકૃતિ છે જડ વિસ્તાર
ઊંચી મારી પરા પ્રકૃતિ, જીવ રૂપ રહે સંસાર

૬. આ બે પ્રકૃતિ વડે, અસ્તિત્વ સમસ્ત સંભવે,
આદિ અને અંત જગતના, પાર્થ ! મારાથી સંભવે.

૭. મારાથી કાંઈ મોટું નહીં, કાંઈ નહીં ઊંચું તેમ
મુજમાં સઘળું પરોવાયું, દોરામાં મણકાની જેમ

૮. પાણીમાં હું રસ છું, સૂર્ય ચંદ્રમાં તેજત્વ,
વેદમાં ૐ, નભે શબ્દ, નરમાં હું નરત્વ.

૯. અગ્નિમાં હું પ્રકાશ છું, ભૂમિમા ગંધ પાવન,
તપસ્વીઓનું તપ છું, બધા ભૂતોમાં જીવન.

૧૦. બીજ સમસ્ત ભૂતોનું, મને સનાતન જાણજે,
બુધ્ધિમાનની બુદ્ધિ મને, તેજ તેજસનું જાણજે.

૧૧. કામરાગ વિનાનું, બળ હું બળવાનનું,
અધર્મનો વિરાધી એવો, જીવોમાં હું કામ છું.

૧૨. સત્ત્વ, રજો, તમો ભાવ, મારા થી થયા નિર્ધાર
તેઓ મુજમાં સમાયે, તેમાં નથી હું લગાર.

૧૩. ત્રિગુણોના ભાવથકી મોહેલું છે આ જગત,
ઓળખે ના મને સત્ય, સૌની પર હું અવ્યય.

૧૪. દૈવી ગુણમયી મારી, માયા જાણ છે દુષ્કર,
મારે શરણે જે આવે, તરી જાય છે તરત.

૧૫. નરાધમ, મૂઢ, પાપી, મને જે ભજતા નથી,
માયાથી ચિત્ત ભ્રમિત તે, મને પામતા નથી.

૧૬. ચાર પ્રકારે સુકૃતિ મને ભજે છે તે સુણ,
આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની, અર્જુન!

૧૭. ચારેયમાં જ્ઞાની શ્રેષ્ઠ, ભકત નિષ્ઠ સ્થિર જે,
જ્ઞાનીને હું અતિ પ્રિય, જ્ઞાની મને પ્રિય છે.

૧૮. ઉમદા આ બધા તો યે, મુજ આત્મા જ્ઞાની યતિ,
સદાયુકત મારામાં સ્થિર, મને માને પરંગતિ.

૧૯. ઘણા જન્મોને અંતે, મને પામે જ્ઞાનવાન,
ઈશ્વર સર્વવ્યાપી જુએ, સંત માન દુર્લભ તેને.

૨૦. કામનાથી જ્ઞાન જતાં, ત્વરિત સિધ્ધિ યોજતા,
નિજ પ્રકૃતિની સીમામાં, અન્ય રીતે સેવતા.

૨૧. નિજ રીતની શ્રધ્ધાથી, આરાધે છે ભકત જન
અચલ કરું છું શ્રધ્ધા તેની, તેની રીતે, તેનું મન.

૨૨. આરાધે જે સ્વરૂપને, શ્રધ્ધા રાખીને અચળ,
મારાથકી જે થયા, પામે છે તે ઈચ્છિત ફળ.

૨૩. નાશવંત ફળો તેના, ભજતા જેને અલ્પમતિ,
તેને પામે જે ભજતા, મને ભજતા મારી ગતિ.

૨૪. મારા ઉત્તમ પરમ રૂપને, મૂર્ખ એ સમજે નહીં,
મને વ્યકત જાણે છે, અવ્યકત એ સમજે નહીં.

૨૫. યોગમાયાથી આવૃત્ત, સૌને ગમ્ય છું નહીં,
અવિનાશી અજન્મા છું, અજ્ઞાની જાણે નહીં.

૨૬. ભૂત વર્તમાનના જીવો અને જે જે થશે હવે,
સર્વને હું જાણું છું, કોઈ જાણે મને નહીં.

૨૭. રાગ દ્વેષના દ્વંદ્વથી, મોહ રહે છે આજીવન
જેથી જગતના જીવો સૌ, ભ્રમિત રહે છે, અર્જુન!

૨૮. પણ પાવન કર્મે જેનાં, પાપો નાશ પામતા,
મને દૃઢ વ્રતે ભજે, દ્વંદ્વ મોહ મટી જતા.

૨૯. જરા મૃત્યુથી છૂટવા, આવે મારે શરણે જે,
સારી રીતે કર્મ, બ્રહ્મ, આત્માને સમજી જશે.

૩૦. સાધિભૂત, સાધિદેવ, સાધિયજ્ઞ ગણે મને,
યુકત ચિત્તવાળા આ, અંતકાળે મને ગણે.

આ જ્ઞાન વિજ્ઞાનનો માર્ગ છે. આમાં જ્ઞાનીઓ દુર્લભ હોવા વિશે, ઈશ્વરની આઠ પ્રકારની નિમ્ન પ્રકારે અભિવકિત અને ઉચ્ચ પરા પ્રકૃતિ, પરમની એકસૂત્રતા, બધાંના સાર, સમસ્તનો સ્ત્રોત, ચાર પ્રકારની આરાધના, જ્ઞાનીની સર્વોપરિતા, ઈશ્વરને પામવાની પ્રત્યક્ષ અને પરોક્ષ રીતો, સર્વોપરીનાં નિરાકાર સ્વરૂપ, શ્રેષ્ઠ જ્ઞાની અને આત્મા , આત્મ, કર્મ, બ્રહ્મ અને જ્ઞાન વિશે વર્ણવેલ છે.

ॐ તત્ સત્

# દિવ્યગીત (ભગવદ્‌ગીતા)-૮

## અક્ષર પરબ્રહ્મનો માર્ગ (અક્ષર બ્રહ્મ યોગ)

અર્જુન બોલ્યા :

૧. શું બ્રહ્મ ને આધ્યાત્મ અને પુરુષોત્તમ કર્મ શું ?
અધિભૂત કહે કોને, તથા અધિદૈવનો મર્મ શું ?

૨. અધિયજ્ઞ દેહમાં કોણ, કેમ છે, પ્રભુ! કહો
અંતકાળે યતિને, જ્ઞેય આપ કેમ રહો ?

શ્રી ભગવાન બોલ્યા :

૩. અક્ષરને પરંબ્રહ્મ, અધ્યાત્મને સ્વભાવ જાણ,
ભૂતમાત્રની ઉત્પતિના કાર્યકારણને કર્મ જાણ.

૪. વ્યકિત ચેતના અધિદેવ, અધિભૂત ભાવ ક્ષર
અધિયજ્ઞ હું દેહીના, દેહમાં હે પુરુષવર !

૫. અંતકાળે સ્મરે મને, અને છોડે જે શરીર,
પામે મારા ભાવને, સંશય નહીં પાર્થવીર!

૬. અંતકાળે જે ભાવનું, સ્મરણ કરતાં દેહ પડે,
તેવા ભાવ સદા તેને, કૌંતેય! આવીને મળે.

૭. માટે સદા સ્મર મને, યુદ્ધ કર તું અર્જુન !
પામશે તું નિઃશંક મને, અર્પ્યે મને બુદ્ધિ મન.

૮. અભ્યાસ યોગથી ચિત્તને, બીજે ભમવા દે નહીં,
પાર્થ! ચિંતનથી પામે, પરંપુરુષને તે અહીં!

૯. સર્વજ્ઞ, સનાતન, જગન્નિયતા, સૂક્ષ્માતિસૂક્ષ્મ ધારક તે,
સૂર્યસમાન વર્ણ, તમથી પર અચિંત્ય , જન્મકારક તે.

૧૦. અંતકાળે અચળ મનથી, ભકિત યોગ બળે અને,
ભ્રૂમધ્યે પ્રાણ ધારે, પામે પરં પુરુષને.

૧૧. જેને કહે અક્ષર જ્ઞાની, જેમાં વૈરાગી પ્રવેશ કરે,
બ્રહ્મચારી જે માટે રહે શ્રેષ્ઠ તે પદ કહું તને.

૧૨. દેહના દ્વારો બંધ કરી, મનને હૃદયમાં સ્થિર કરે,
મસ્તક કેન્દ્રે સ્થાપે પ્રાણ, યોગ ધારણે સ્થિર રહે.

૧૩. ૐ કાર ઉચ્ચારતો, અનુભવતો ૐ યતિ,
દેહત્યાગ કરે છે તે, પામે છે મારી ગતિ.

૧૪. સતત સંભારે મને, અનન્ય ભાવે રાખી મન,
યોગયુકત સુયોગીને, સુલભ છું હું અર્જુન!

૧૫. મને પામે મહાત્માઓ, શ્રેષ્ઠ સિદ્ધ યોગ યુકત,
વિનાશી, દુઃખધામથી, પુર્નજન્મથી થાયે મુકત.

૧૬. બ્રહ્મલોકથી લઈ બધા, આવાગમન કરે છે જાણ,
મને પ્રાપ્ત કરી કૌંતેય! પુનર્જન્મ નથી જાણ.

૧૭. હજાર યુગનો બ્રહ્માનો એક દિવસ થાય છે,
હજાર યુગની બ્રહ્માની એક રાત થાય છે.

૧૮. અવ્યકત છે થાય વ્યકત, જયારે થાય બ્રહ્મ દિન,
થાય વ્યકત અવ્યકતે, બ્રહ્મરાતમાં ફરી લીન.

૧૯. એજ રીતે બધા ભૂતો, બ્રહ્મરાતે લય થતા,
બ્રહ્મ દિનનો ઉદય થતાં, પ્રાણી સૌ ઉત્પન્ન થતા.

૨૦. એ અવ્યકત થકી ઊંચો, બીજો અવ્યકત ભાવ છે,
નાશ પામે ભૂતો સૌ, ન નાશે, શાશ્વત ભાવ છે.

૨૧. અક્ષર અવ્યકત તેને કહે, પરંગતિ છે તેનું નામ,
તે પામ્યે ન ફરે ફેરા, એ મારું છે પરંધામ.

૨૨. અનન્ય ભકિતથી, પાર્થ ! પરં પુરુષ પ્રાપ્ત છે,
જેમાં બધા રહે પ્રાણી, જેથી સર્વ વ્યાપ્ત છે!

૨૩. ફરી ન જન્મે જે કાળે, યોગી દેહનો ત્યાગ કરે,
ફરી; પાર્થ! જન્મ લે, કયા કાળે તે કહું તને.

૨૪. અગ્નિ, જયોતિ, શુકલ દિન, ઉત્તરાયણ છ માસના,
બ્રહ્મમાર્ગ ઉજજવળ રહે, પુનરાગમન થાય ના.

૨૫. ધૂમ, રાત્રી, કૃષ્ણપક્ષ, દક્ષિણાયન છ માસના
અસ્પષ્ટ ને અજાણ માર્ગ, પુનરાગમન થાય ત્યાં.

૨૬. ઉજાસ તિમિર આ બે માર્ગ વિશ્વમાં છે સનાતન,
પહેલામાં ન ફરી આવવું, બીજામાં પુનરાગમન.

૨૭. જે જાણે આ માર્ગને, મોહ ન પામે તેનું મન,
માટે યોગમાં દઢ થા, સદાકાળે હે અર્જુન!

૨૮. જ્ઞાને, તપે, યજ્ઞે, દાનમાં, જે ફળોના પ્રાપ્ત નામ,
બધાથી પર, બ્રહ્મ જ્ઞાને, યોગી પામે ઉત્તમધામ.

આ અક્ષર પરં બ્રહ્મનો માર્ગ છે. જેમાં બ્રહ્મ, આત્મા, કર્મ, કર્તા, વ્યકિત અને યજ્ઞના અર્થો, દેહાંત સમયની યાત્રા સમયે બ્રહ્મ પામવાની રીતો, ૐ આત્માનું શ્રેષ્ઠ સ્થાન, પ્રાણીઓના ઉત્પતિ અને લયનું પરિચક્રિક રોવું, અક્ષર પર બ્રહ્મને પામવા ભકિતનો માર્ગ, પુનર્જન્મ અને મોક્ષના માર્ગો અને બ્રહ્મસ્થિતિમાં બ્રહ્મ પ્રાપ્તિને વર્ણવેલા છે.

ૐ તત્ સત્

## દિવ્યગીત ભગવદ્ગીતા-૯
## રાજવિદ્યા અને રાજગુહ્યનો માર્ગ
## (રાજવિદ્યા, રાજગુહ્ય યોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. નિષ્પાપ! તને, રહસ્યજ્ઞાન કહું છું વિજ્ઞાન યુક્ત,
તેને સાંભળી સમજીને, અશુભથી તું થાયે મુક્ત.

૨. રાજવિદ્યા, રાજ રહસ્ય પવિત્ર ને શ્રેષ્ઠજ્ઞાન,
પ્રત્યક્ષ બોધ દેનારું, અવ્યવ, સુગમ ધર્મ જ્ઞાન.

૩. આ ધર્મમાં, પરંતપ, શ્રદ્ધા નથી જેના મને,
મને ન પામતાં તેવા જન, મૃત્યુ સંસારે ભમે.

૪. સર્વ વ્યાપક રહું જગે, અવ્યક્ત મારું રૂપ જાણ,
સૌ જીવો મારામાં વસે, હું તેમાં ન વસું જાણ.

૫ ભૂતો ના મારામાં રહે, મારો દિવ્ય યોગ જો,
ભૂતોને ઉપજાવું, પોષું, ભૂતોમાં ના રહું જો.

૬. નિત્ય નભમાં વાયુ જેમ બધી જગ્યાએ ગતિમાન,
તેવી રીતે સૌ ભૂતો, મારા થકી મારામાં જાણ.

૭. મુજ પ્રકૃતિથી કૌંતેય! આવે છે ભૂતો બધા,
સૃષ્ટિના અંતે મળે મને, આરંભે સર્જું સદા.

૮. નિજ-પ્રકૃતિ વશ કરી, સર્જું છું તે વારંવાર,
ભૂત સમૂહ બધો રહે, પ્રકૃતિને વશ લાચાર.

૯. હે ધનંજય ! કર્મમાં અનાસકત હું રહું છું,
કર્મ મને બાંધતા નથી ઉદાસીન રહું છું.

૧૦. પ્રકૃતિ સર્જે સચરાચર, મારા અધ્યક્ષપણામાં,
તેથી સૌ ઘટમાળ આ, કૌંતેય! થાયે વિશ્વમાં.

૧૧. મને માની દેહધારી, અવગણે અજ્ઞાનીઓ,
મહેશ્વર હું સૌનો એ, પરં ભાવ જાણે નહીં.

૧૨. વ્યર્થ આશા, વ્યર્થ કર્મ, કુબુદ્ધિનું વ્યર્થજ્ઞાન,
મોહિની રાક્ષસી–આસુરી પ્રકૃતિને સેવે માન.

૧૩. સાચી આશા, સાચું કર્મ, સદ્‌બુદ્ધિનું સાચું જ્ઞાન,
દૈવી પ્રકૃતિ મહાત્મા, સેવે અનન્ય જાણી માન.

૧૪. કીર્તિ મારી સદા ગાએ, વ્રતમાં દઢ યત્નવાન,
અનન્ય ભાવે વંદે મને, ભજે, ધરે મારું ધ્યાન.

૧૫. જ્ઞાન યજ્ઞે કોઈ ભજે, વિશ્વરૂપ એવા મને,
એક–અનેક–પૃથકભાવે, કોઈ ઉપાસે મને.

૧૬. યજ્ઞકર્મ હું, યજ્ઞ હું, હું સ્વધા વનસ્પતિ,
મંત્ર હું, ઘૃત હું, હું અગ્નિને આહુતિ.

૧૭. વિશ્વનો હું પિતા, માતા, ધાતા અને પિતામહ,
જ્ઞેય પવિત્ર ઓંકાર હું, અને ચારેય વેદ હું.

૧૮. ધ્યેય, ભર્તા, પ્રભુ, સાક્ષી, આશ્રય, શરણ, સખા હું,
પ્રભવ, સ્થાન, નિધાન, પ્રલય, અક્ષય બીજ હું.

૧૯. હું તપું, વર્ષા કરું, વર્ષાને અટકાવું હું,
અમરત્વ, મૃત્યુ હું, હોવું ન હોવું અર્જુન! હું.

૨૦. ત્રણ વેદ ભણી, નિષ્પાપ થઈ, યજ્ઞે યાચે સ્વર્ગ સ્થાન,
પુણ્યે પામે ઈન્દ્રલોક, ભોગવે ભોગ દિવ્ય મહાન.

૨૧. ભોગવી વિશાળ સ્વર્ગ સુખ, પૂણ્ય ખૂટે પાછા ફરે,
ભોગ કામના વાળા આમ ભવભવના ફેરા ફરે.

૨૨. અનન્ય ચિંતન વડે, જે ભજે મને સપ્રેમ,
નિત્યયુક્ત તે ભક્તનાં, હું વહું છું યોગક્ષેમ,

૨૩. પરમ શ્રદ્ધાથી કોઈ, અન્ય દેવને ઉપાસે
અન્ય રીતે હે કૌંતેય ! મારી જ તે સેવા કરે.

૨૪. સર્વ યજ્ઞોનો ભોક્તા, પ્રભુ કેવળ હું તથા,
તત્ત્વથી ન જાણે મને,પતન તેઓ પામતા.

૨૫. દેવપૂજકને મળે દેવ, પિતૃના પિતૃને મળે,
ભૂતપૂજક ભૂતને, મારા ભક્ત મને મળે.

૨૬. પત્ર, પુષ્પ, ફળ, જળ, સમર્પે ભક્તિભાવથી,
પવિત્ર ભક્તનું અર્પેલું, સ્વીકારું છું પ્રેમથી.

૨૭. તું જમે કે હવન કરે, તપ, દાનને આચરે,
હે અર્જુન! તું જે કરે, કર અર્પણ તે મને.

૨૮. શુભાશુભ કર્મફળથી, સદા મુક્ત તું થશે,
સંન્યાસયોગે સ્થિર, વિમુક્ત, મને પામશે.

૨૯. સમભાવે છું સૌમાં, પ્રિય અપ્રિય કોઈ નહીં,
જે ભક્ત ભજે પ્રેમથી, હું તેમાં, તે મુજ મહીં.

૩૦. દુરાચારી પણ મને, અનન્ય ભાવથી ભજે,
સાધુ સમાન જાણવો, શુભ નિશ્ચય તે ન ત્યજે.

૩૧. તરત થાય તે ધર્માત્મા, શાંતિ શાશ્વત પામતો,
જાણ નક્કી મારો ભક્ત કદી નાશ ન પામતો.

૩૨. મારે શરણે પાર્થ! જે કોઈ આવે, પામે ઈષ્ટ,
કોઈપણ વ્યક્તિ સ્ત્રોત, ગતિ પામે છે તે ઈષ્ટ.

૩૩. જ્ઞાની, ભક્ત, સંતની, શું કહેવાની વાત પછી ?
આ અનિત્ય લોકમાં, મુક્ત થતા મને ભજી.

૩૪. મને ભજ, મને પૂજ, મને પરાયણ, નમન કર,
રહી એકનિષ્ઠ મને, અર્જુન! મને તું પ્રાપ્ત કર.

આ રાજવિદ્યા તથા રાજ રહસ્યનો માર્ગ છે. તેમાં આત્માની સર્વવ્યાપી પ્રકૃતિ, સર્વે પ્રાણીઓનો ઉદ્ભવ અને અંત, મોહ પામેલાનું વર્તન, ભક્તનું વર્તન, બ્રહ્મનું સર્વજ્ઞાતાપણું, સ્વર્ગ ઈચ્છનારનું મર્યાદિત સુખ, સમતાની શ્રેષ્ઠતા અને પરમ બ્રહ્મને એક નિષ્ઠ પૂજવાની રીતો વર્ણવેલ છે.

ૐ તત્ સત્

## દિવ્યગીત ભગવદ્‌ગીતા-૧૦
## દિવ્ય વિભૂતિઓનો માર્ગ (વિભૂતિ યોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. મહાબાહુ! ફરી સાંભળ, પરમ વચન કહું તને,
તારું કલ્યાણ ઈચ્છતો, પ્રેમ પૂર્વક કહું તને.

૨. ઉદ્‌ભવ મારો ઋષિઓ ને દેવગણો જાણે નહી.
આદિ-કારણ હું, થયો ઋષિઓ ને દેવતાનો.

૩. મને જાણે અવિનાશી, અજ, અનાદિ લોકેશ,
પુરુષોમાં તે શ્રેષ્ઠ છે, મટે તેના પાપ કલેશ.

૪. બુદ્ધિ, જ્ઞાન, શમ, દમ, ક્ષમા, સત્ય, સ્પષ્ટતા,
ભય અભય, સુખ દુઃખ, જન્મ અને મૃત્યુ તથા.

૫. અહિંસા, સમતા, સંતોષ, યશાયશ, તપ ને દાન,
જીવોના આ ભાવો બધા, મારાથી જ થાએ જાણી.

૬. પ્રથમ સાત મહર્ષિઓ,ને સજર્યા મનુ ચાર,
મારા સંકલ્પે જન્મ્યાથી, થયો પ્રજાનો વિસ્તાર.

૭. મારી યોગ વિભૂતિને, જાણે જે યથાર્થ છે,
અસંશય, યોગથી, સ્થિર મુજમાં થાય છે.

૮. મુજથી પ્રવર્તે બધું, સૌનો હું પ્રભવ સ્થાન,
એવું જાણી ભજે મને, ભાવયુક્ત બુદ્ધિમાન.

૯. ચિત્ત પ્રાણ મારામાં સ્થાપે, બોધ પરસ્પર કરે,
કથા કરે સદા મારી, સુખી સંતોષી તે રહે.

૧૦. એકનિષ્ઠ મારામાં, પ્રીતિપૂર્વક ભજે મને,
તેને આપું બુદ્ધિયોગ, તેઓ પામે છે મને.

૧૧. અનુકંપાથી તેમનું અજ્ઞાન દૂર કરું છું,
જ્ઞાનદીપનો પ્રકાશ ઉરે તેમના ધરું છું.

અર્જુન બોલ્યા :

૧૨. પરંબ્રહ્મ, પરંધામ, પરમ પવિત્ર, વિભો,
પુરુષ શાશ્વત, દિવ્ય, અજ આદિ હે પ્રભો!

૧૩. કહે સર્વ ઋષિઓ ને દેવર્ષિ નારદ કહે,
આપે પણ કહયું, અસિત, વ્યાસ, દેવલ કહે.

૧૪. આપના વચન, કેશવ! હું માનું છું સત્યાર્થ,
દેવ દાનવ ન જાણે આપનું રૂપ યથાર્થ.

૧૫. આપ સ્વયં સ્વયંથી, સ્વયંને છો જાણતા,
દેવાધિદેવ, જગત્પતિ, ભૂતેશ ભૂત કર્તા.

૧૬. કહો આપની દિવ્ય, આત્મવિભૂતિ વિશે મને,
જેના થકી સમગ્ર વ્યાપ્ત જગત કર્યુ તમે.

૧૭. હે યોગેશ! કયા ભાવથી ધરું આપનું ઘ્યાન?
કેવા જાણું આપને, કેવા ચિંતને, ભગવાન!

૧૮. વિસ્તારે કહો વિભૂતિ યોગ જર્નાદન ! તમે,
હું ધરાતો નથી, સુણી આપના સુધા વચન.

શ્રી ભગવાન બોલ્યા :

૧૯. કહું છું દિવ્ય વિભૂતિઓ, મુખ્ય મુખ્ય તે વિશેખ,
મારી આ વિભૂતિઓ, અનંત છે હે કુરુશ્રેષ્ઠ!

૨૦. સૌના ઉરમાં ગુડાકેશ! હું આત્મા અનંત છું,
હું જ પ્રાણીમાત્રનો આદિ, મધ્ય ને અંત છું.

૨૧. આદિત્યોમાં વિષ્ણુ હું, જયોતિઓમાં સૂર્ય,
મરુતોમાં મારીચિ, નક્ષત્રોમાં ચંદ્ર હું.

૨૧(અ) સૂર્યોમાં, સર્વવ્યાપી હું, તેજસ્વીમાં, તેજોત્તમ.
હવાઓમાં, સુખદાયક, ઝબકતામાં, ચમકતો હું.

૨૨. વેદોમાં સામવેદ હું, દેવોમાં ઈન્દ્ર હું,
ઈન્દ્રિયોમાં મન, પ્રાણીઓમાં ચેતના હું.

૨૨(અ) જ્ઞાન પ્રાપ્તિમાં ગીત હું, દિવ્યતામાં પ્રકાશ
ઈન્દ્રિયોમાં મન હું, પ્રાણીઓમાં ચેતના

૨૩. રુદ્રોમાં શંકર હું, ધનિકોમાં કુબેર હું,
વસુઓમાં પાવક હું, પર્વતોમાં મેરું હું.

૨૩(અ) ક્રોધિતમાં શાંતિસ્થાપક, શ્રિમંતોમાં સૌથી શ્રિમંત
ઉષ્ણમાં અગ્નિ હું, શીખરોમાં સૌથી ઊંચો હું.

૨૪. પુરોહિતોમાં સૌથી મોટા, બૃહસ્પતિ હું,
સેનાપતિમાં સ્કંદ, જળાશયોમાં સાગર હું.

૨૪(અ) શુભેચ્છકોમાં મુખ્ય હું, મુખ્ય શ્રેષ્ઠ જ્ઞાની હું,
સેનાપતિઓમાં શકિતશાળી, જળાશયોમાં વિશાળ હું.

૨૫. મહર્ષિઓમાં ભૃગુ હું, વાણીમાં અક્ષર ૐ,
યજ્ઞોમાં જપ યજ્ઞ , સ્થાવરોમાં હિમાલય.

૨૫(અ) દૃષ્ટામાં, આંતરચક્ષુ, અવિનાશીમાં, ૐ હું.
યજ્ઞોમાં રટણ હું, સ્થિરમાં દળદાર હું.

૨૬. વૃક્ષોમાં અશ્વત્થ, દેવર્ષિમાં નારદ હું,
ગાંધર્વોમાં ચિત્રરથ, સિદ્ધોમાં હું કપિલ છું.

૨૬(અ) વૃક્ષોમાં પવિત્ર હું, મહર્ષિમાં રમુજી છું.
ઉડતામાં અદભૂત હું, સિદ્ધોમાં હું ગુરુ છું.

૨૭. અશ્વોમાં, ઉચ્ચૈઃશ્રવા અમૃત સાથે જન્મેલ હું,
ગજેન્દ્રોમાં ઐરાવત, મનુષ્યોમાં રાજા હું.

૨૭(અ) અશ્વોમાં શ્રેષ્ઠ ઔલાદ, અમૃતમંથને થયો હું.
ગજરાજોમાં સુંદર, મનુષ્યોમાં નેતા હું.

૨૮. આયુધોમાં વજ્ર હું, ગાયોમાં કામધેનું હું,
પ્રજનનમાં કામદેવ, સર્પોમાં વાસુકિ હું.

૨૮(અ) શસ્ત્રોમાં વિનાશક હું, ગાયોમાં, ઉત્પાદક હું.
પ્રજનનમા કામ હું, દોરડામાં સબળ હું.

૨૯. નાગોમાં અનંત હું, પાણી દેનારે વરુણ હું,
પિતૃઓમાં અર્યમાં, યમોમાં સમ્યમ હું.

૨૯(અ) દીર્ઘમાં અનંત હું, પાણી દેનારે, વર્ષા હું.
પિતૃઓમાં આદિ હું, યમોમાં આત્મયમ હું.

૩૦. દૈત્યોમાં પ્રહ્લાદ હું ,ગણનારમાં કાળ હું,
વનચરોમાં વનરાજ, પક્ષીઓમાં ગરુડ હું.

૩૦(અ) દૈત્યોમાં અહિંસક હું, ગણનારમાં સમય હું.
પ્રાણીઓમાં સિંહ હું, પક્ષીઓમાં તીક્ષ્ણ નજર.

૩૧. વાયુઓમાં પવન, શસ્ત્રધારીમાં રામ હું,
જળચરોમાં મગર, નદીઓમાં ગંગા હું.

૩૧(અ) વાયુઓમાં પાવન કરનાર, શસ્ત્રધારીમાં કુશળ,
જળચરોમાં મગર હું, નદીઓમાં પવિત્ર હું.

૩૨. સર્વે સૃષ્ટિઓનો ઉત્પતિ, સ્થિતિ, લય હું,
વિદ્યાઓમાં અધ્યાત્મ, વાદોમાં પ્રવદા હું.

૩૨(અ) પ્રત્યેક સર્જનોમાં આદિ, મધ્ય, અંત હું,
જ્ઞાને આત્મજ્ઞાન, પ્રવચનોમાં ચર્ચા હું.

૩૩. અક્ષરોમાં અ-કાર હું, સમાસોમાં દ્વંદ્વ હું,
અક્ષયોમાં કાળ હું, વિશ્વમુખી ધાતા હું.

૩૩(અ) મુળાક્ષરોમાં પ્રથમ અક્ષર, જોડાણોમાં જોડકું
અખૂટમાં સમય હું, પોષક, ધારક, વૈશ્વિક હું.

૩૪. હર્તાઓમાં મૃત્યુ હું, ઉદ્ભવનારનું ભવિષ્ય હું,
સ્ત્રીમાં, શ્રી, કીર્તિ, વાણી, સ્મૃતિ, પ્રજ્ઞા, ધૃતિ ક્ષમા.

૩૪(અ) ચોર મોટો મૃત્યુ હું, જન્મનારનું, ભવિષ્ય હું.
નારી જાતિમાં, લક્ષ્મી, કીર્તિ, વાણી, સ્મૃતિ, પ્રજ્ઞા, ધૃતિ ક્ષમા.

૩૫. સામમંત્રોમાં બૃહત્સામ, છંદોમાં ગાયત્રી હું,
મહિનાઓમાં માર્ગશીર્ષ, ઋતુઓમાં વસંત હું.

૩૫(અ) ગીતોમાં સૌથી લાંબુ, છંદોમાં શ્રેષ્ઠ છંદ.
મહિનાઓમાં સુખદ, ઋતુઓમાં વર્ષા હું.

૩૬. ઠગોમાં દ્યુત હું, તેજસ્વીઓનું તેજ હું,
જય હું, ઉદ્યમ હું, સાત્ત્વિકોનું સત્ત્વ હું.

૩૬(અ) દ્યુતમાં પાસા હું, તેજસ્વીઓમાં, તેજ હું,
જય હું, વ્યવસાય હું, સાત્ત્વિકોમાં, સત્ત્વ હું.

૩૭. વૃષ્ણિઓમાં વાસુદેવ; પાંડવોમાં અર્જુન હું,
મુનિઓમાં વ્યાસ હું, કવિઓમાં ઉશના હું.

૩૭(અ) સલાહકારોમાં, સર્વજ્ઞ; વિજેતામાં, ધન વિજેતા,
મૌનમાં સંપૂર્ણ હું, કવિઓમાં તેજોત્તમ.

૩૮. દંડકોમાં દંડ હું, વિજયવાંચ્છુની નીતિ,
ગુહ્યોમાં મૌન હું, જ્ઞાનીઓનું જ્ઞાન હું.

૩૯. સંપૂર્ણ પ્રાણીનું પાર્થ! આદિ કારણ હું અહીં,
મારા વિના ચરાચરમાં, કાંઈ કયાંય હોય નહીં.

૪૦. મારી દિવ્ય વિભૂતિનો, પરંતપ! ના પાર છે,
વિભૂતિ વિસ્તારનો,આ કહ્યો ટૂંકસાર છે.

૪૧. ઉત્સાહ જે કાંઈ છે તે; શકિત સભર જે કાંઈ તે,
બળનો સ્ત્રોત જે કાંઈ તે; હતાશામા આશા તે,
બિચારાને સહાય તે, દુઃખમાં દિલાસો તે,
સર્વઆ પ્રકાશે જે; અંધકારમાં ઉજાસ તે,
કાંઈ વિભૂતિ સંપન્ન, શ્રી કાન્તિ ગુણ શકિત તે,
બધું તેજ અંશ મારું, મારામાંથી ઉત્પન્ન તે.

૪૨. આ બધું જાણવાથી તારે પ્રયોજન હોય શું ?
મારા એક અંશમાત્રે, સર્વ વિશ્વને ધરું છું.

આ દિવ્ય વિભૂતિઓનો માર્ગ છે. તેમાં દિવ્ય વિભૂતિઓ વિશે જાણવાની ઉત્કંઠા, દિવ્યતાના ઉદાહરણો, દિવ્ય આત્માની સર્વ વ્યાપકતા અને વિરાટ વૈશ્વિક વિભૂતિમાંના પદાર્થો અને જગતની સૂક્ષ્મ વૈશ્વિક પ્રકૃતિનું વર્ણન કરેલ છે.

ૐ તત્ સત્

## દિવ્યગીત (ભગવદ્‌ગીતા)-૧૧
### વૈશ્વિક દર્શનનો માર્ગ (વિશ્વરૂપ સંદર્શન યોગ)

અર્જુન બોલ્યા :

૧. ગોપનીય જ્ઞાન આપ્યું, અનુગ્રહ તે થયો છે,
ઉપદેશ આપનો સાંભળી મોહ મારો ગયો છે.

૨. સવિસ્તાર કહ્યું આપે ભૂતોનાં, ઉત્પતિ, લય,
કમલપત્રાક્ષ! આપનું અપરંપાર માહત્મ્ય.

૩. આપે કહ્યું હે ઈશ્વર! પરંવિભૂતિ રૂપ અપાર,
એ ઈશ્વરીરૂપ જોવા પ્રાર્થું છું પુરુષોત્તમ!

૪. દર્શન યોગ્ય ગણો મને, તો કૃપા કરો યોગેશ્વર!
પરં અવિનાશીરૂપ, બતાવો આપનું પરમેશ્વર!

શ્રી ભગવાન બોલ્યા :

૫. પાર્થ! મારાં રૂપ જો, શત સહસ્ત્ર અપાર જો,
અનેક આકાર વર્ણ, ને અનેક પ્રકાર જો.

૬. આદિત્ય, વસુ, અશ્વિન, રુદ્ર, મરુત મારામાં જો,
પૂર્વે કદિ ન જોયું ભારત! તે અદ્‌ભૂત મારામાં જો.

૭. એકસ્થ મારામાં અહીં, સમસ્ત સ્થાવર જંગમ જો,
જે કાંઈ જોવા ઈચ્છે બીજું, ગુડાકેશ! બરાબર જો.

૮. નેત્ર નથી સમર્થ તારા, જોવા મારું રૂપ જો,
દિવ્ય દષ્ટિ આપું તને, મુજ ઈશ્વરી યોગ જો.

સંજય બોલ્યા :

૯. હે રાજન્! આમ કહી, હરિ મહાયોગેશ્વરે,
દિવ્ય પરમ રૂપનું, દર્શન દીધું પાર્થને.

૧૦. ઘણાં મુખો, નેત્રોવાળું, વિવિધ દિવ્ય દર્શનો,
ઘણાં દિવ્ય આભરણ અનેક દિવ્ય આયુધો.

૧૧. દિવ્ય વસ્ત્ર, ગંધ, માલા, આભુષણ અદ્‌ભૂત,
વિશ્વવાપી દેવ, પૂર્ણ, બહુમુખી અદ્‌ભૂત.

૧૨. એક સાથે હજાર સૂર્યો, પ્રગટે જો આકાશ,
તેવું હતું પ્રભુનું દર્શન, તેનો પરમ પ્રકાશ.

૧૩. દેવાધિદેવના દેહે, સમસ્ત જગતને ત્યારે,
વિવિધ રીતે વિભકતને, એકત્ર જોવું પાંડવે.

૧૪. આશ્ચર્યે, હર્ષરોમ, શિરનમાવી સવિનય,
બેઉ હાથ જોડીને, કહેવા લાગ્યો ધનંજય.

અર્જુન બોલ્યા :

૧૫. દેવાધિદેવ ! આપના દેહે, દેવો, પ્રાણીઓ જોઉં છું,
કમલાસને બ્રહ્મા, દિવ્ય, ઋષિ, સર્પો, જોઉં છું.

૧૬. ઘણાં નેત્ર, મુખ, હાથ, પેટ, અનંતરૂપ જોઉં છું,
ન આદિ, મધ્ય, અંત વિશ્વેશ! વિશ્વરૂપનું જોઉં છું.

૧૭. મુકુટ, ગદા, ચક્રધારી, પ્રકાશસમૂહ જોઉં છું,
જોવા કઠિન તપ્ત અગ્નિ સૂર્ય સમ હું જોઉં છું.

૧૮. અક્ષર, પરં, જ્ઞેય, અને વિશ્વઆશ્રય તમે
અનાશ, શાશ્વત ધર્મપાળ, પુરુષ પુરાણ તમે.

૧૯. અનાદિ મધ્યાન્ત અનંત શકિત, અનંત હાથો, શશી સૂર્ય આંખો,
મુખે પ્રદિપ્ત અગ્નિઝાળો, જેથી તમે આ જગ તપાવો.

૨૦. સૌ દિશાએ રહ્યાં તમે, સ્વર્ગ પૃથ્વી તથા વચ્ચે,
અદ્‌ભૂત ઉગ્રરૂપ દેખી, ત્રણેય લોક ફફડે ડરે.

૨૧. દેવગણ આપમાં પ્રવેશે, કોઈ પ્રાર્થે, નમન કરે,
મહર્ષિ, સિદ્ધો, મંગળ ભણે, સ્તોત્રોથી આપને સ્તવે.

૨૨. આદિત્ય, રુદ્ર, વસુ, સાધ્યો, અશ્વિની, પિતૃ, મરુતો,
દેવ,ગંધર્વ, સિદ્ધ, અસુર, આશ્ચર્યે નિહાળે તેઓ.

૨૩. ઝાઝાં મો–નેત્ર, વિકરાળ દાઢો, હાથ પગને પેટ ઘણાં,
વિરાટ તમારું રૂપ ભાળી, સર્વ લોક, હું, ભયભીત ઘણાં.

૨૪. નભે અડતાં, બહુવર્ણી, ખૂલ્લાં મોઢાં જોઉં છું,
ડરું તેજ મોટી આંખો થી, ધૈર્ય શાંતિ ખોઉં છું.

૨૫. વિકરાળ દાઢો, ખૂલ્લાં મો, પ્રલય અગ્નિ સમ પ્રકાશ,
ભયે અશાંત, દિગ્ભ્રમ હું, પ્રસન્ન થાઓ જગન્નિવાસ!

૨૬. ધૃતરાષ્ટના આ પુત્રો બધા, તથા બીજા રાજા બધા,
ભીષ્મ, દ્રોણ અને કર્ણ, અમારાય યોદ્ધા બધા.

૨૭. પેસે ભયંકર દાઢોવાળાં, વેગે વિકરાળ મુખે તમારાં,
મસ્તકોના કો'ક ચૂરા, ચિટકયા દાંતો વિશે તમારાં.

૨૮. જેમ નદીતણા પ્રવાહો, વેગે સમુદ્ર ભણી ધસે,
પ્રજવલિત મુખભણી આપનાં, શુરવીરો વેગે ધસે.

૨૯. નાશ કાજે પતંગ જેમ, અગન ઝાળ મહીં ધસે,
આ લોકો નાશ કાજે તેમ, વેગે આપના મુખે ધસે.

૩૦. બળતા મુખે સૌ લોક ભક્ષતા, હોઠ પછીથી ચાટો છો,
ત્રિલોક તપાવતા કિરણો પ્રભુ! ઉગ્ર તેજથી ભરો છો.

૩૧. વિકરાળ આપ કોણ છો? ધ્યેય આપનો કહો મને
વંદું છું હું પ્રસન્ન થાઓ! આદિ સ્વરૂપ કહો મને.

શ્રી ભગવાન બોલ્યા :

૩૨. લોકોનો સંહાર કરનાર, ઉગ્ર પ્રવૃત્તકાળ હું,
બધાં સૈન્યો મારવાનો, તું નહીં હોય તો પણ હું.

૩૩. તું ઉભો થા યશ મેળવ, શત્રુ હરાવી નામ કર,
પૂર્વે જ છે મે હણેલ એને, સવ્યસાચી ! તું નિમિત્ત કર.

૩૪. દ્રોણ, ભીષ્મ, કર્ણ, જયદ્રથ, ને મહાન વીરો અહીં,
માર પાર્થ! મે હણ્યા તેને, જીતશે, લડ, ડર નહીં.

સંજય બોલ્યા :

૩૫. પ્રભુના આ વચન સુણીને, કાંપે જોડી હાથ ડરીને,
બોલ્યો ગદગદ્ કંઠે અર્જુન, ફરી હરિને નમન કરીને.

અર્જુન બોલ્યા :

૩૬. લોકો તમારી સ્તુતિ કરે છે, જોઈ તમને ખુશ થતા,
સિદ્ધો તમને નમન કરે છે, ભયે રાક્ષસો દૂર જતા.

૩૭. પ્રભુ! કાં ન સૌ નમે ? બ્રહ્માનું કારણ તમે,
સત્ અસત્ ને તેથી પર, અનંત દેવ અક્ષર તમે.

૩૮. આદિદેવ, પ્રાચિન તમે, આશ્રય સૌનું પરમ તમે,
જ્ઞેય, જ્ઞાતા, પરમધામ, સર્વવ્યાપી, અનંત તમે.

૩૦. બળતા મુખે સૌ લોક ભક્ષતા, હોઠ પછીથી ચાટો છો,
ત્રિલોક તપાવતા કિરણો પ્રભુ! ઉગ્ર તેજથી ભરો છો.

૩૧. વિકરાળ આપ કોણ છો? ધ્યેય આપનો કહો મને
વંદું છું હું પ્રસન્ન થાઓ! આદિ સ્વરૂપ કહો મને.

શ્રી ભગવાન બોલ્યા :

૩૨. લોકોનો સંહાર કરનાર, ઉગ્ર પ્રવૃત્તકાળ હું,
બધાં સૈન્યો મારવાનો, તું નહીં હોય તો પણ હું.

૩૩. તું ઉભો થા યશ મેળવ, શત્રુ હરાવી નામ કર,
પૂર્વે જ છે મે હણેલ એને, સવ્યસાચી ! તું નિમિત્ત કર.

૩૪. દ્રોણ, ભીષ્મ, કર્ણ, જયદ્રથ, ને મહાન વીરો અહીં,
માર પાર્થ! મે હણ્યા તેને, જીતશે, લડ, ડર નહીં.

સંજય બોલ્યા :

૩૫. પ્રભુના આ વચન સુણીને, કાંપે જોડી હાથ ડરીને,
બોલ્યો ગદગદ્ કંઠે અર્જુન, ફરી હરિને નમન કરીને.

અર્જુન બોલ્યા :

૩૬. લોકો તમારી સ્તુતિ કરે છે, જોઈ તમને ખુશ થતા,
સિદ્ધો તમને નમન કરે છે, ભયે રાક્ષસો દૂર જતા.

૩૭. પ્રભુ! કાં ન સૌ નમે ? બ્રહ્માનું કારણ તમે,
સત્ અસત્ ને તેથી પર, અનંત દેવ અક્ષર તમે.

૩૮. આદિદેવ, પ્રાચિન તમે, આશ્રય સૌનું પરમ તમે,
જ્ઞેય, જ્ઞાતા, પરમધામ, સર્વવ્યાપી, અનંત તમે.

૩૯. વાયુ, ચંદ્ર, યમ, વરૂણાગ્નિ, પરમ, પરમના પિતા, તમોને,
મારાં હજારો નમન હજો, ફરી ફરીને નમન તમોને.

૪૦. નમું તમોને સામે, પીઠે, સૌ દિશાથી સર્વરૂપ!
અનંતવીર્ય, પરાક્રમી, સર્વવ્યાપી, સર્વરૂપ.

૪૧. 'હે કૃષ્ણ', 'યાદવ', 'સખા', કહ્યાં મિત્ર સમજીને સ્નેહે,
ન જાણતો મહિમા તમારો, આવાં વેણ મેં અજ્ઞાને.

૪૨. રમતા, જમતા, બેસતા, સુતા, કરી હાંસી કે અપમાન,
એકાંતે કે સમૂહમાં, ક્ષમા કરજો હે ભગવાન!.

૪૩. આપ ચરાચર સૌના પિતા, પૂજય ગુરુરાજ, અનુપ પ્રભાવી,
ત્રણેય લોકમાં કોઈ નથી, આપના સમકક્ષ, વિશેષ પ્રભાવી.

૪૪. માટે પ્રભુ! અરજ તમને, દયા કરી સાંખો મને
પિતા પુત્રને સખાસખાને પ્રિય પ્રિયાને સાંખે તેમ.

૪૫. અપૂર્વ દર્શને હર્ષિત થયો છું, ચિત્ત છતાં છે ભયે ઉદાસ,
કૃપા કરી દર્શાવો આપનું, મૂળરૂપ હે જગન્નિવાસ!

૪૬. હાથે ગદા ચક્ર તથા શિરે મુકુટ તે મોહક રૂપ,
દર્શાવો રૂપ ચતુર્ભુજ, સહસ્ત્રબાહુ! વિશ્વરૂપ!

શ્રી ભગવાન બોલ્યા :

૪૭. દેખાડયું મુજ કૃપા યોગથી, તને અર્જુન! આ પરંરૂપ,
પૂર્વે કોઈએ ન જોયું, આદિ, અનંત તેજ વિશ્વરૂપ

૪૮. ન વેદથી, ન યજ્ઞથી, ક્રિયાકર્મ કે તપ થકી
કુરુપ્રવીર ! મુજ રૂપ આ કોઈથી જોવું શકય નથી.

૪૯. વ્યથિત વિમૂઢ ન થજે મારું વિકરાળ રૂપ જોઈ,
પુનઃ મારું પૂર્વ રૂપ જો, ભય નિવારી પ્રસન્ન થઈ.

સંજય બોલ્યા :

૫૦. મૂળ રૂપ શ્રી કૃષ્ણે ધર્યું, આમ કહી અર્જુનને,
સૌમ્ય રૂપ ફરી ધરી, સાંત્વન કર્યું ભયભીતને.

અર્જુન બોલ્યા :

૫૧. આ સૌમ્ય માનવી રૂપ જોઈ, ચિત્તે સ્વસ્થ થયો છું,
હવે આપને જોઈ જનાર્દન ! સ્વભાવે સ્થિત થયો છું.

શ્રી ભગવાન બોલ્યા :

૫૨. મારું આ જે રૂપ તેં જોયું, અતિ દુર્લભ જોવું જાણ,
દિવ્ય વિશ્વરૂપને જોવા, દેવોને તું આતુર જાણ.

૫૩. વેદ વડે કે તપથકી, દાન વડે કે યજ્ઞથી,
જેવું આજે તને થયું, દર્શન મારું થતું નથી.

૫૪. પણ અનન્ય ભક્તિ વડે પામે કોઈ આ મારું રૂપ,
તત્ત્વથી જો જુએ અર્જુન ! અને થાયે મને તદ્રુપ.

૫૫. મારે અર્થે કરે કર્મ, મત્પરાયણ ભક્ત જે,
અનાસક્ત, વેરહીન, પાંડવ ! મને મળે તે.

વિશ્વરૂપ દર્શનનો આ માર્ગ છે. દિવ્ય દષ્ટિ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા, વિશ્વરૂપ દર્શનનું પ્રાગટય, વિરાટ દર્શનથી અનુભવાતી ઉત્તેજના, બ્રહ્મરૂપનું વર્ણન, વૈશ્વિક દર્શનથી ઉદ્ભવાતી અસહય તાણ અને મૂળ સ્વરૂપે પાછા ફરવાની વિનંતી અને શાંતિની પુનઃપ્રાપ્તિ, પરમાત્મને જાણવા અને જોવા માટે અનન્ય ભક્તિ માર્ગ અને પરમઆત્મને પામવાના સોપાનોનું આમાં વર્ણન છે.

ૐ તત્ સત્

## દિવ્યગીત ભગવદ્‌ગીતા - ૧૨
## ભક્તિનો માર્ગ (ભક્તિ યોગ)

અર્જુન બોલ્યા :

૧. સતત યુક્ત થઈ પ્રભુ! ભક્તિ તમારી જે કરે,
ને જે ભજે અવ્યક્ત તે, બેમાં ઊંચુ કોણ ઠરે ?

શ્રી ભગવાન બોલ્યા :

૨. મનને એકાગ્ર કરી, નિત્ય યુક્ત થઈ મને,
પૂરી શ્રદ્ધાથી ભજે, ઊંચો માન્ય તે ઠરે.

૩. જે અવ્યક્ત અક્ષય ભજે, અનિર્દેશ્ય અરૂપ,
સર્વત્ર વ્યાપ્ત અચિંત્ય, અચલ એકરસરૂપ.

૪. ઈન્દ્રિયો વશ કરીને, સર્વત્ર સમબુદ્ધિ ને,
સર્વ હિતે રત રહે, તે પણ પામે છે મને.

૫. અવ્યક્ત સાથે તાદાત્મ્યની રીત ઘણી કઠિન છે,
દેહ ધારીને નિરાકારની પ્રાપ્તિ ઘણી કઠિન છે.

૬. કર્મ સર્વ અર્પે મને, મને પરાયણ જે રહે,
ધ્યાન સદા મારું ધરે, જે અનન્ય ભજે મને.

૭. મારામાં સ્થિત ચિત્તવાળા, મારા એ ભકતોને હું,
મૃત્યુના ભવસાગરેથી, તુરત ઉગારી પાર કરું.

૮. મન મારામાં સ્થિર કર, નિષ્ઠા મારી રાખ તું,
મારામાં નિવાસશે, સંશય જરી ન રાખ તું.

૯. ચિત્ત મારામાં સ્થાપવા, ધનંજય! અશક્ત હો,
મને પામવા યત્ન કર, યોગ અભ્યાસ વડે તો.

૧૦. યોગ અભ્યાસ ન કરી શકે, તો કર્મો મને અર્પતું,
મારા માટે કર્મ કરતા, સિદ્ધિ પામે અવશ્ય તું.

૧૧. તેમાં પણ તું અશકત હો, આશ્રય લે મુજ યોગ તું,
સર્વ કર્મ ફળ ત્યાગ કર, રાખી ચિત્ત સ્વાધીન તું.

૧૨. ચડે જ્ઞાન અભ્યાસથી, ધ્યાન જ્ઞાનથી ચડે,
ચડે ધ્યાનથી ફળ ત્યાગ, ત્યાગથી શાંતિ મળે.

૧૩. અદ્વેષી સર્વ ભૂતોમાં, મૈત્રી, કરુણા, ક્ષમાવાન,
અભિમાન મમતા નહીં, સુખે દુઃખે જે રહે સમાન.

૧૪. સંતુષ્ટ, યોગી, જિતાત્મા, દઢ રહે સુનિશ્ચય,
અર્પિત મને મન બુદ્ધિથી, છે તે ભકત મને પ્રિય.

૧૫. ભય તેનો ન કોઈને, તેને કોઈનો નહીં ભય,
દ્વંદ્વમુકત ને એકરંગ, છે તે ભકત મને પ્રિય.

૧૬. પવિત્ર, નિસ્પૃહી, દક્ષ, ઉદાસીન, દુઃખોથી પર,
આરંભે જે અનાસકત, તે છે મને પ્રિય ભકત.

૧૭. હર્ષ દ્વેષ જે કરે નહીં, શોક સ્પૃહામાં ના રહે,
શુભાશુભ ત્યાગી રહે, પ્રિય મને તે ભકત રહે.

૧૮. સમાન શત્રુમિત્રે અને માનાપમાનમાં સમ રહે,
સમ શીતોષ્ણ સુખેદુઃખે, આસકિતહીન જે રહે.

૧૯. સમાન સ્તુતિ નિંદામાં, મૌની, સંતોષી જે રહે,
સ્થિર બુદ્ધિ, સર્વ સ્થળે, પ્રિય મને તે ભકત રહે.

૨૦. આ ધર્મ અમૃતનું શ્રદ્ધાથી પાલન જે કરે,
મારો પરાયણ ભકત તે અતિશય પ્રિય છે મને.

આ ભકિતનો માર્ગ છે. આમાં બે પ્રકારના સાધકોનું વર્ણન છે, પરમને પામવા માટેની અલગ અલગ કક્ષાના પ્રયાસો અને ભકતના ગુણોનું વર્ણન છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્ગીતા-૧૩
## ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો માર્ગ (ક્ષેત્રક્ષેત્રજ્ઞયોગ)

અર્જુન બોલ્યા :

૧. પ્રકૃતિ શું પુરુષ શું ? ક્ષેત્ર શું ક્ષેત્રજ્ઞ શું ?
આપ મને કહો કેશવ ! જ્ઞાન શું ને જ્ઞેય શું ?

શ્રી ભગવાન બોલ્યા :

૨. આ શરીરને કૌંતેય ! ક્ષેત્ર તેમ જ્ઞાની કહે,
એને જે જાણે છે તેને, ક્ષેત્રજ્ઞ કહેવાય છે.

૩. ભારત ! સર્વ ક્ષેત્રમાં, મને ક્ષેત્રજ્ઞ જાણજે.
ક્ષેત્રક્ષેત્રજ્ઞ જ્ઞાનને, તું ખરૂં જ્ઞાન માનજે.

૩(અ) જે તે ક્ષેત્ર, કેવું, કયાંથી, તેમાં થતા વિકારોને,
જે ક્ષેત્રજ્ઞ અને કેવો સાંભળ ટૂંકમાં કહું તને.

૪. ઋષિઓએ ઘણી રીતે, વેદઋચામાં ગાયું છે,
બ્રહ્મસૂત્ર પદોમાં યે, નિશ્ચિત તે કહેવાયું છે.

૫. મહાભૂતો, અહંમ્, બુદ્ધિ, પ્રકૃતિ, અવ્યકત
દશ ઈન્દ્રિય, મન ને પાંચ વિષયો ક્ષેત્રગણ.

૬. ઈચ્છા, દ્વેષ, સુખદુઃખ, ધૃતિ, ચેતના, સંઘાત,
આમ જાણ સંક્ષેપે, ક્ષેત્રના છે વિકાર સાત.

૭. અહિંસા, અદંભ, નિર્માનતા, સરલતા ને સ્થિરતા,
આત્મનિગ્રહ, ગુરુ સેવા, ધૈર્ય, ક્ષમા, પવિત્રતા.

૮. ઈન્દ્રિયોના વિષય પ્રતિ વૈરાગ્ય, નિરહંકાર,
જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, દુઃખ દોષોનું દર્શન.

૯. પરિવારનું દાયિત્વ, અનાસકિત અલિપ્તતા,
ઈષ્ટ અનિષ્ટ પ્રાપ્તિમાં, ચિત્તે શાંતિ ને સમતા.

૧૦. નિત્ય અનન્ય યોગે રહે, મારામાં અચળ ભકિત,
એકાંતવાસે રુચિ રહે ને જનસભામાં અરુચિ.

૧૧. અધ્યાત્મ જ્ઞાને પૂર્ણ નિષ્ઠા, તત્ત્વદર્શને ધ્યાન
આને કહે યથાર્થ જ્ઞાન, અન્યથા તે અજ્ઞાન.

૧૨. જ્ઞેય વિશે કહીશ હવે, જે જાણે તે મુકત કરે,
અનાદિ એ પરંબ્રહ્મ, 'છે' 'નથી'થી પર રહે.

૧૩. સર્વત્ર હાથ પગ વડે, આંખ મુખ મસ્તક વડે,
સર્વત્ર કાન વડે પણ, સર્વને આવરી રહે.

૧૪. ઈન્દ્રિયોના ગુણો ચમકાવે, ઈન્દ્રિયોથી રહિત એ,
અનાસકત તોયે ભર્તા,ગુણભોકતા નિર્ગુણ એ.

૧૫. અંદર બહાર ભૂતોમાં, ચર અચર સર્વત્ર એ
સુક્ષ્મતમ્ ન જણાય એ, દૂર છતાં સમીપ એ.

૧૬. વિભકત ભાસે ભૂતોમાં, અવિભકત સર્વત્ર એ,
ભૂતપાલક, સંહારક, પુનઃ સર્જક, જ્ઞેય એ.

૧૭. જ્યોતિઓનું મહાજ્યોતિ, અંધકારની પર રહે,
જ્ઞાન, જ્ઞેય, જ્ઞાનગમ્ય, સૌના હૃદયે વસી રહે.

૧૮. ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેય, સંક્ષેપમાં મેં કહ્યાં તને
જે જાણ્યે ભકત મારો, મને પામવા યોગ્ય બને.

૧૯. પ્રકૃતિ અને પુરુષ બેઉ ને અનાદિ જાણ,
પ્રકૃતિથી થતા બધા વિકારો ને ગુણો જાણ.

૨૦. કાર્ય–કરણ ઉત્પન્ન કરવામાં કારણ પ્રકૃતિને જાણ,
સુખદુઃખ ભોક્તાપણામાં કારણ છે તું પુરુષ જાણ.

૨૧. પ્રકૃતિજન્ય ગુણો ભોગવે, પ્રકૃતિમાં પુરુષ વસી,
સદ્ અસદ્ જીવનનું કારણ, સંગ પ્રકૃતિગુણ વળી.

૨૨. દેહમાં આ પુરુષ પરં, ભર્તા, સાક્ષી, અનુમંતા
તે જ ભોક્તા, મહેશ્વર, તેમજ તે પરમાત્મા.

૨૩. ગુણસહિતની પ્રકૃતિ તથા પુરુષ જે જાણતો
કર્મ કરે તે સર્વ છતાં, પુનર્જન્મ ન પામતો.

૨૪. આપથી કોઈ આપને આપમાં જુએ ધ્યાનથી
કોઈ કર્મે પહોંચે તો, કોઈ સમજે જ્ઞાનથી.

૨૫. એ સ્વયં ન જાણનારા, સુણી અન્યથી ભજે
શ્રવણપરાયણો પણ, મૃત્યુ સાગરને તરે.

૨૬. સ્થાવર જંગમ કાંઈપણ, ઉત્પન્ન જગે જે થાય છે
ક્ષેત્ર–ક્ષેત્રજ્ઞ યોગથી, ભરતશ્રેષ્ઠ ! તે થાય છે.

૨૭. વિનાશી સૌ ભૂતોમાં, અવિનાશી જે જુએ,
સમભાવે સૌ ભૂતોમાં, તે જ યથાર્થને જુએ.

૨૮. સર્વત્ર સમ વ્યાપેલા, ઈશ નિહાળનાર એ
આપ આપથી હણે નહીં, પરમગતિ થાય એ.

૨૯. બધે પ્રકૃતિ વડે સદા, સૌ કર્મો થતા જુએ
આત્માને અકર્તા જુએ, તે જ યથાર્થ ને જુએ.

૩૦. સર્વભૂતોના અનેક ભાવો એકમાં જે જુએ છે,
અનેક એકથી થયું જુએ, પરં ગતિ તે કરે છે.

૩૧. અનાદિ નિર્ગુણ એ, અવ્યયી, કૌંતેય ! એ,
દેહે રહે તોયે એ, અકર્તા, અલિપ્ત એ.

૩૨. સૂક્ષ્મ આકાશ સર્વવ્યાપી જેમ તે લેપાય ના,
પ્રત્યેક દેહે રહે તેમ, આત્મા તે લેપાય ના.

૩૩. સૂર્ય એકલો જેમ આ, જગને પ્રકાશી રહે
કૌંતેય! ક્ષેત્રને બધાં, ક્ષેત્રજ્ઞ પ્રકાશી રહે.

૩૪. ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનો ભેદ, જ્ઞાનચક્ષુથી જાણે જે
પ્રકૃતિથી થાયે મુક્ત, પરમ પદને પામે તે.

આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો માર્ગ છે. જેમાં ક્ષેત્રનું જ્ઞાન, ક્ષેત્રનો જ્ઞાતા, ક્ષેત્રની વિગતો, જ્ઞાન અને જ્ઞેય, પુરુષ, શરીરમાંનો આત્મા, આત્માની સર્વવ્યાપકતા, આત્માનું એકપણું, અને પરમતત્ત્વને પામવાના માર્ગનું વર્ણન કરેલ છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્ગીતા-૧૪
## આચરણનો માર્ગ (ગુણ યોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. જ્ઞાનોમાં શ્રેષ્ઠ જ્ઞાન, જે કહું છું તુજને ફરી
જેને જાણી સર્વે મુનિ, સિદ્ધિ પામી રહયા અહીં.

૨. આ જ્ઞાનને આશ્રયે, મને એક-સમ બની રહે,
પ્રભવે ના જન્મે તે, પ્રલયેના ભય રહે.

૩. મહદ્ બ્રહ્મ મારું ક્ષેત્ર, તેમાં બીજ હું સ્થાપું છું,
ઉત્પત્તિ પ્રાણીની ભારત ! આ રીતે હું રાખું છું.

૪. કૌંતેય ! જે અહીં તહીં, દેહો ઉત્પન્ન થતા જાણ
હું મહદ્બ્રહ્મ જન્મસ્થાન, બીજદાતા પિતા જાણ.

૫. સત્ત્વ, રજો, તમો ગુણ, પ્રકૃતિએ થાયે જાણ,
બાંધે દેહે, મહાબાહુ ! અક્ષય જીવને તે જાણ.

૬. સત્ત્વ, નિર્મળ, ખામી રહિત, તેજસ્વી કરનારો જાણ
જીવને સુખજ્ઞાન સંગે, બાંધે એ નિષ્પાપ ! જાણ.

૭. રજોગુણ તો તૃષ્ણા કરે, આસકિત ઉપજાવે જાણ
કર્મફળ ઈચ્છાએ બાંધે, ગતિ, પ્રવૃતિ રાખે જાણ.

૮. તમ જન્મે અજ્ઞાનથી મોહને ઉપજાવતું,
પ્રમાદ, આળસ, નિદ્રાથી જીવને છે બાંધતું.

૯. સત્ત્વ સુખમાં બાંધે છે, રજો કર્મે જોડે જાણ,
તમો જ્ઞાનને ઢાંકતું, પ્રમાદે તે જોડે જાણ.

૧૦. રજો–તમો તો દબાય, જો સત્ત્વ ગુણનો વધે પ્રભાવ,
ગુણ વધે જે અન્ય બેથી, રહે વ્યકિતમાં તેવો ભાવ.

૧૧. જયારે દેહે સૌ અંગોમાં પ્રકાશ, જ્ઞાન થાય છે
સત્ત્વગુણ પ્રધાન જયારે, તેજ દષ્ટિ થાય છે.

૧૨. રજસની વૃદ્ધિ થતાં, લોભ પ્રવૃત્તિ થાય છે,
કર્મારંભો, અશાંતિ, સ્પૃહા, અર્જુન ! થાય છે.

૧૩. તમોગુણની વૃદ્ધિ થતાં, મૂઢતા છવાય છે,
અપ્રવૃત્તિ, અપ્રકાશ, પ્રમાદ, મોહ થાય છે.

૧૪. સત્ત્વગુણની વૃદ્ધિમાં દેહી દેહ ત્યાગે જો,
ઉત્તમ જ્ઞાનીઓ તણાં, તેજ–લોકને પામે તો.

૧૫. રજોગુણે છોડે દેહ, કર્માસકત લોક મળે,
તમોની વૃદ્ધિમાં મરે, મૂઢ લોકે જન્મ મળે.

૧૬. સત્ત્વનું ફળ શુભ, સારાં કાર્યોથી થાય છે
રજોનું ફળ દુઃખ, તામસ ફળ અજ્ઞાન છે.

૧૭. સત્ત્વગુણે જ્ઞાન થાય, રજોગુણથી લોભ છે,
તમો ગુણથી ઊપજે પ્રમાદ, મોહ અજ્ઞાન છે.

૧૮. ગુણોથી સાત્ત્વિક ઊંચે, રાજસો મધ્યે જાય છે
તામસો હીનવૃત્તિથી, અધોગતિએ જાય છે.

૧૯. ગુણો સિવાય કર્તા નથી, જે દષ્ટા સમજી જતો,
ગુણાતીતને જાણી તે મારા ભાવને પામતો.

૨૦. શારીરિક ત્રિગુણોને જે જીવ તરી જાય છે,
જન્મ–મૃત્યુ–જરા–દુઃખે, મુકત અમર થાય તે.

અર્જુન બોલ્યા :

૨૧. ત્રિગુણોથી પર પ્રભુ ! કયા લક્ષણો થાય છે ?
કેવો આચાર હોય એનો, કેમ પાર થાય છે ?

શ્રી ભગવાન બોલ્યા :

૨૨. પ્રકાશ, પ્રવૃત્તિ, મોહ, શરીરે આવે ને જાય
આવે તો ન કરે દ્વેષ, શમે તો ન રાગ થાય.

૨૩. વર્તે ઉદાસીન રહી, ગુણોથી ન ચલિત તે.
જાણે 'ગુણો જ વર્તે છે', સ્થિર અડગ રહે તે.

૨૪. સુખ દુ:ખે સમ, સ્વસ્થ, સોનું માટી પથ્થર સમ,
ધીર, અપ્રિયપ્રિયે સમ, નિંદા સ્તુતિએ રહે સમ.

૨૫. માન અપમાને તથા મિત્ર શત્રુમાં સમ જે,
કર્મારંભે ફળ ત્યાગે, ગુણાતીત તેને કહે.

૨૬. વળી અનન્ય ભકિતથી, મને નિરંતર ભજે,
ગુણોને તે પાર કરી, બ્રહ્મરૂપે એક બને.

૨૭. હું અમૃત, અવિનાશી, નિત્યધર્મ, પર બ્રહ્મનું,
અખંડ એકરસ સુખનું, અર્જુન ! તે આધાર હું.

આ આચરણનો માર્ગ છે, આમાં ત્રણેય ગુણોની પ્રકૃતિ તેનાથી થતા બંધન, અને વર્તન સાત્ત્વિક, રાજસિક અને તામસિકનાં આચરણ, ગુણાતીત થવાના માર્ગો અને પરબ્રહ્મ પામવાના માર્ગનું વર્ણન છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્ગીતા-૧૫

## પુરુષોત્તમ સ્વરૂપ માર્ગ (પુરુષોત્તમ પ્રાપ્તિયોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. ઊંચે મૂળ, નીચે ડાળો, વેદો તેના પત્ર કહે,
અવિનાશી પીપળ જાણે, તેને વેદવિદ્ કહે.

૨. વધ્યા ગુણોથી વિષય કુંપળ, ડાળો ઊંચે નીચે પ્રસારે
મનૂષ્યલોકે કર્મે બાંધતા, મૂળો તેનો વ્યાપ વધારે.

૩. તેનું સ્વરૂપના પુરૂં પમાતું, ન આદિ, સ્થિતિ કે અંત તેને
પીપળ આ અતિ દૃઢ મૂળ, વૈરાગ્ય ખડ્ગે કાપ તેને.

૪. શોધો તે પદ યત્નથી, પાછા ફરવું નહીં જયાંથી,
પામો આદિ પરમ રૂપ, પ્રવૃતિ પ્રસરી જયાંથી અનાદિ.

૫. નિર્માન, નિર્મોહ, ન સંગ વૃત્તિ, અધ્યાત્મનિષ્ઠા, શાંતકામ
દુઃખ સુખ દ્વંદ્વોથી મુકત, પામે જ્ઞાની તે અવ્યય ધામ.

૬. સૂર્ય ચંદ્રથી વધુ પ્રકાશે અગ્નિથી છે વધુ ઉજાસ
જયાં પહોંચી પાછા ન ફરવું, મારું દિવ્ય તે નિવાસ

૭. મારો સનાતન અંશ, સંસારે, જીવરૂપે રહે
પાંચ ઈન્દ્રિય છઠા મનને પ્રકૃતિમાંથી લ્યે તે.

૮. જીવ જયારે દેહને પામે કે છોડી જાય છે
ઈન્દ્રિય મનને સાથે લ્યે, જેમ વાયુ ગંધ લઈ જાય છે.

૯. નેત્ર શ્રાવણ ને ત્વચા, રસના ને વળી ઘ્રાણ,
તેમજ મનના આશ્રયે તે વિષય ભોગવે જાણ.

૧૦. શરીરે રહે કે ત્યાગે, ગુણે ભણેલો, વા ભોગી
દેખાય તે જ્ઞાન ચક્ષુથી, ન દેખે મૂઢ અયોગી.

૧૧. પ્રયત્નથી યોગીજન, ઉરમાં વસેલો જુએ
યત્ન કરે છતાં મૂઢ, મલિન તેને ન જુએ.

૧૨. જગત સમસ્ત પ્રકાશતો, સૂર્યમાં છે જે પ્રકાશ
તથા ચંદ્ર, અગ્નિમાં, જાણ મારો એ પ્રકાશ.

૧૩. પૃથ્વી વિશે પ્રવેશી, સૌને આહાર અન્ન ધરું,
મારી શકિતથી બધી, વનસ્પતિ પેદા કરું.

૧૪. વૈશ્વાનર અગ્નિ બની, પ્રાણીના દેહે રહું,
પ્રાણાપાનથી ચાર પ્રકારના, અન્નનું પાચન કરું.

૧૫. સૌના હૃદયમાં રહ્યો છું, સ્મૃતિ, જ્ઞાન મારાથી જાણ,
વેદ થી વેદ્ય, વેદાન્તકર્તા અને વેદજ્ઞ મને જાણ.

૧૬. સંસારમા બે પ્રકારે પુરુષ ક્ષર ને અક્ષર જાણ,
સઘળાં પ્રાણીઓ ક્ષર છે, તેમાં, નિત્યને અક્ષર જાણ.

૧૭. ઉત્તમ પુરુષ તે બેથી અન્ય, પરમાત્મા તું તેને જાણ,
પોષે ત્રિલોક વ્યાપીને, અવિનાશી, પરમેશ્વર જાણ.

૧૮. ક્ષર ને અક્ષરની ઉપર, સર્વોત્તમ હું રહેલ છું,
આ લોકોમાં ને વેદોમાં, પુરુષોત્તમ થયેલ છું.

૧૯. જે અજ્ઞાનરહિત મને, પુરુષોત્તમ રૂપે જાણે છે,
તે સર્વજ્ઞાની મને પૂર્ણ ભાવથી માને છે.

૨૦. અત્યંત ગુહયશાસ્ત્ર તને હે અનઘ! મેં કહ્યું છે,
એ જાણી બુદ્ધિશાળીને કૃતાર્થ થવું રહે.

આ પુરુષોત્તમ સ્વરૂપનો માર્ગ છે, આમાં સંસાર વૃક્ષની પ્રકૃતિ, એ વૃક્ષથી છૂટકારો મેળવવાનો માર્ગ,વૈરાગ્યનું ખડ્ગ તરીકેનું મહત્વ પ્રત્યેક પ્રાણીમાં જીવન ઊર્જા તરીકે આત્મ, ક્ષર અક્ષર પુરુષોના વર્ણન, અને પુરુષોત્તમ સ્વરૂપ સ્થિતિનું વર્ણન કરેલ છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્‌ગીતા-૧૬
## દૈવી અને આસુરી સંપદાનો માર્ગ
## (દૈવાસુર સંપદ્વિભાગ યોગ)

શ્રી ભગવાન બોલ્યા :

૧. નિર્ભય, ચિત્તની શુદ્ધિ, જ્ઞાન યોગમાં સંનિષ્ઠા,
દમ, દાન, યજ્ઞ અને સ્વાધ્યાય તપ સરળતા.

૨. ત્યાગ, શાંતિ, અપૈશુન, અક્રોધ સત્ય અહિંસા,
મૃદુતા, સ્થિરતા, લજ્જા, ભૂતદયા અલાલસા.

૩. ક્ષમા, અમાન, અદ્રોહ, તેજ, ધૈર્ય, પવિત્રતા,
જન્મે દૈવી ભાવમાં, તેની થતી આ સંપદા.

૪. અજ્ઞાન માન અને ઘમંડ, દંભ, ક્રોધ કઠોરતા,
આસુરી ભાવે જે જન્મે, તેની થતી આ સંપદા

૫. દૈવી સંપદા મોક્ષ આપે, બંધન આપે આસુરી,
પાર્થ! શોક કર નહીં, સંપદાસહ તું જન્મ્યો દૈવી.

૬. ભૂતોની સૃષ્ટિ આ જગે, છે બે, દૈવી, આસુરી,
દૈવી વિશે કહ્યું તને, હવે કહું છું આસુરી.

૭. પ્રવૃતિ કે નિવૃત્તિ ને, જાણે નહીં આસુરી જન,
નહીં સ્વચ્છતા, સદાચાર, નહીં સત્ય તેને મન.

૮. કહે છે આ જગત મિથ્યા, અનીશ્વર, અનાધાર
પરસ્પર સંયોગે થયું, હેતુ કામના વિના ન થાય.

૯. નીચ છે જેની દૃષ્ટિ, અલ્પમતિ ને ક્રૂર કર્મી,
વિશ્વનાશ કાજે શત્રુ, પતિત જન્મે અધર્મી.

૧૦. સદા અતૃપ્ત કામના સેવે, દંભ માનને મદ ભરી
મોહે મલિન ઈચ્છા સાથે, પ્રવૃતે એ દુરાગ્રહી.

૧૧. અંત પર્યન્ત રહેનારી અપાર ચિંતાઓ કરે,
કામભોગ સર્વસ્વ છે, એવા નિશ્ચયમાં ફરે.

૧૨. આશ પાસ વડે બંધાયે, કામક્રોધમાં ચિત્ત રહે,
વિષય સુખ કાજે ધન અન્યાયે સંચિત કરે.

૧૩. આજે મેં આ પ્રાપ્ત કર્યું, પૂરા હવે આ કોડ કરીશ,
આટલું મારું છે આજે, આ ધન પણ હું પ્રાપ્ત કરીશ.

૧૪. આજે મેં આ શત્રુ માર્યો, બીજાને મારનારો છું,
હું સર્વસમર્થ, ભોગી, સિદ્ધ, બળિયો, સુખી છું.

૧૫. હું ધનવાન હું કુળવાન, મારા સમાન ના કોઈ કહે,
યજ્ઞ, દાન ને મોજ કરીશ, મોહે મૂઢ મતિ કહે.

૧૬. અનેક તર્કોથી ભ્રમિત, ફસાતા મોહ જાળમાં,
સુખ ભોગે રહે લિપ્ત, પડતા ઘોર નકરમાં.

૧૭. પોતાને શ્રેષ્ઠ માનનારા, મદ–માનને દંભ કરે,
વિધિ વિધાનનો ત્યાગ કરી, નામના યજ્ઞો કરે.

૧૮. અહંકાર, બળ, ગર્વ, કામ ક્રોધને વશ રહે,
સ્વ–પરમાં વસેલો હું, મારો દ્વેષે દ્રોહ કરે.

૧૯. નરાધમ, આ પાપીઓ, દ્વેષ કરનાર ક્રૂરને
આસુરી જન્મો આપું છું, પુનઃ પુનઃ હું સંસારે.

૨૦. હે કૌંતેય, જન્મોજન્મ, આસુરી ભાવે મૂઢ એ,
મને એ પામે નહીં, અધમ ગતિ પામી રહે.

૨૧. કામ ક્રોધ તથા લોભ, ત્રણ નરકનાં દ્વાર એ
આત્મનો ઘાત કરનારાં, ત્રણેયને ત્યજવાં ઘટે.

૨૨. તમસનાં આ ત્રણ દ્વારથી, પાર્થ! મુકત જે થાય છે,
આત્મ કલ્યાણે યત્ન કરે, પરમગતિએ જાય છે.

૨૩. પણ જે શાસ્ત્ર વિધિ ત્યજી, ઈચ્છાવશ વર્તી રહે,
સિદ્ધિ, સુખ ન પામતો, પરમ ગતિએ ના રહે.

૨૪. કાર્ય–અકાર્ય નિર્ણયમાં શાસ્ત્ર એ જ પ્રમાણ જાણ,
શાસ્ત્રે નિર્માણ કરેલાં, કર્મ કરવા ઉચિત જાણ.

આ દૈવી અને આસુરી સંપદાનો માર્ગ છે. આમાં દૈવી સંપત્તિ, આસુરી સંપત્તિ, આસુરીનું વર્તન નરકનાં ત્રણ દ્વાર અને મુકિતના માર્ગનું વર્ણન કરેલ છે.

ૐ તત્ સત્

# દિવ્યગીત ભગવદ્ગીતા-૧૭
## સમર્પણનો માર્ગ (શ્રદ્ધા યોગ)

અર્જુન બોલ્યા :

૧. શાસ્ત્રવિધિ ત્યજીને શ્રદ્ધાથી પૂજન કરે
તેની નિષ્ઠા કેવી, પ્રભુ! સત્ત્વ, રજસ કે તમસ રહે ?

શ્રી ભગવાન બોલ્યા :

૨. દેહધારીની શ્રદ્ધા, સ્વભાવ પ્રમાણે હોય છે,
સાત્ત્વિક, રાજસી, તામસી આ ત્રણ પ્રકારે હોય છે.

૩. પ્રકૃતિથી હરએકમાં, શ્રદ્ધા, ભારત! હોય છે
જેવી જેની શ્રદ્ધા હશે. તે તેવા જ હોય છે.

૪. સાત્ત્વિક પૂજે દેવને, યક્ષ-રાક્ષસને રાજસી,
પ્રકૃતિથી આ પ્રમાણે, ભૂત-પ્રેતને તામસી.

૫. શાસ્ત્રવિધિરહિત ને ઘોર તપ જે કરે છે,
અહંકાર, દંભ, રાગ, કામ બળે તે કરે છે.

૬. અજ્ઞાનીઓ શરીર અંગોને, પંચભૂતને પીડે છે,
હૃદયે વસતા મને પણ, આસુરો આમ પીડે છે.

૭. આહાર પ્રિય સર્વને,ત્રણ પ્રકારે હોય છે,
યજ્ઞ, તપ, દાન,પણ, ત્રણ પ્રકારે હોય છે.

૮. આયુ, બળ, સુખ, સ્વાસ્થ્ય, સત્ત્વ, પ્રીતિ દેનાર જે,
રોચક, રસાળ, સ્નિગ્ધ, સાત્ત્વિક તે આહાર છે.

૯. ખારાં, ખાટાં, ઘણા ઊના, તીખા, કટુ દાહનાર
દુઃખ, શોક વ્યાધિ કરનાર રાજસિક છે તે આહાર.

૧૦. ઊતરેલો, રસ સ્વાદ વિનાનો વાસી ને દુર્ગન્ધ કરનાર
એઠોં વધેલો અપવિત્ર તામસિક છે તે આહાર.

૧૧. કર્તવ્ય સમજી યજ્ઞ કરે, ફળની આશા ન કરે,
પુરા મનથી વિધિથી, સાચા યજ્ઞ સાત્ત્વિક કરે.

૧૨. ફળનો હેતુ રહે મને, તેમજ દંભનો ભાવ રહે,
હે ભારતશ્રેષ્ઠ! તેમ, અશુદ્ધ યજ્ઞ રાજસી કરે.

૧૩. અવિચારીપણે કરે, મૂઢતામાં પુરા રહે,
ન શ્રદ્ધા ન વિધિ જેમાં, તેવા યજ્ઞ તામસ કરે.

૧૪. દેવ-દ્વિજ-ગુરુ જ્ઞાની પૂજે, પવિત્ર ને સરળ રહે,
અહિંસા સંયમ કરે, આને દેહના તપ કહે.

૧૫. વાણી ઉદ્વેગ ન કરનારી, સત્ય પ્રિય હિતકર કહે,
સ્વાધ્યાય પ્રાર્થના ભજન કરે, તેને વાણીનું તપ કહે.

૧૬. મન પ્રસન્ન સૌમ્યભાવ, મૌન મન નિગ્રહ કરે,
શાંત આત્મ, ભાવની શુદ્ધિ, આને મનનું તપ કહે.

૧૭. ફળની અભિલાષા વિના, પરમ શ્રદ્ધાથી તપ કરે,
આ ત્રણ પ્રકારે આચરે, તે તપને સાત્ત્વિક તપ કહે.

૧૮. સત્કાર-માન-પૂજાર્થે, દંભથી જે તપ કરે,
ફળની આશા છૂટી નહીં, અનિત્ય રાજસી તપ કરે.

૧૯. મન-વાણી-શરીર પીડે, કે અન્યને પીડવા કરે,
મૂઢાગ્રહે તપ કરે, તેને તામસી તપ કહે.

૨૦. સ્થળ કાળ ને પાત્ર સમજી, કર્તવ્ય ભાવે દાન કરે,
બદલાની આશા ન રાખે, તેને સાત્ત્વિક દાન કરે.

૨૧. પ્રત્યુત્તરના પ્રયોજનથી, ફળને માટે દાન કરે,
કે ક્લેશપૂર્વક અપાય જે, તેને રાજસી દાન કહે.

૨૨. અયોગ્ય દેશ કાળ પાત્રને, સત્કાર વિના દાન કરે,
તિરસ્કારે અપાય છે જે, તેને તામસી દાન કહે.

૨૩. "ઓમ્ તત્ સત્", બ્રહ્મ નિર્દેશ ત્રણ પ્રકારે થયાં છે,
બ્રાહ્મણો, વેદો, યજ્ઞો, એથી આદિમાં થયાં છે.

૨૪. 'ઓમ્'ના ઉચ્ચારે સદા યજ્ઞ તપ ને દાન કરે,
બ્રહ્મવાદીના શાસ્ત્રનું વિધિ વિધાન આવું રહે.

૨૫. 'તત્' ઉદેશીને કરે ક્રિયા, યજ્ઞ, તપ, ને દાન
ફળની આશા ત્યજી રહે તેને તું મુમુક્ષુ જાણ.

૨૬. 'સત્' સત્ય છે સનાતન, સદ્દ્ભાવથી થતો પ્રયોગ
'સત્' નિત્ય, વ્યાપક છે, સત્કર્મથી થતો સંયોગ.

૨૭. યજ્ઞ તપ ને દાનમાં સ્થિરતાને સત્ કહે,
તત્, બ્રહ્મને અર્પણ જે કર્મો સૌ તે સત્ કહે.

૨૮. કર્મ, યજ્ઞ, તપ ને દાન, અશ્રદ્ધાથી થાય જે
સર્વ અસત્ કહેવાય પાર્થ! વ્યર્થ સદા એ જાય તે.

આ સમર્પણનો માર્ગ છે જેમાં ત્રણ રીતની શ્રદ્ધા, તપની અયોગ્ય રીત, ત્રણ પ્રકારના આહાર, યજ્ઞો, શરીર–વાણી અને મનનાં તપ, ત્રણ પ્રકારના તપ અને દાન અને 'ૐ તત્ સત્' પરમ વાકય અને અસતં શું છે તેનું વર્ણન કરેલ છે.

'ૐ તત્ સત્'

# દિવ્યગીત ભગવદ્‌ગીતા-૧૮
## મોક્ષસંન્યાસનો માર્ગ(મોક્ષ સંન્યાસ યોગ)

અર્જુન બોલ્યા :

૧. સંન્યાસનું તત્ત્વ શું ? ત્યાગનું શું તત્ત્વ છે ?
હે કેશિનિષૂદન! સમજાવીને કહો મને.

શ્રી ભગવાન બોલ્યા :

૨. કામ્યકર્મોના ત્યાગને ઋષિજન સંન્યાસ કહે,
સૌ કર્મફળ સ્પર્શે નહીં, વિદ્વાન તેને ત્યાગ કહે.

૩. "કર્મમાત્ર દોષપાત્ર, ત્યજો" મુનિ કોઈ કહે,
યજ્ઞ દાન તપ કર્મો, ન ત્યજો અન્ય તો કહે.

૪. ત્યાગ સંબંધે ભરતસત્તમ્! મારો નિશ્ચય જાણ તું,
ત્યાગ ત્રણ પ્રકારે છે તેને યથાર્થ જાણ તું.

૫. યજ્ઞદાન તપ કર્મો, યોગ્ય છે, ત્યજો નહીં,
પાવન થાયે હરકોઈ, યજ્ઞ દાન ને તપ થકી.

૬. કર્મફળ આસક્તિ છોડી, કર્મો કરવા શ્રેષ્ઠ છે,
આ ઉત્તમ મત છે મારો ને આ નિશ્ચય શ્રેષ્ઠ છે.

૭. ત્યાગ નિયત કર્મોનો, અસંશય અયોગ્ય છે
ત્યાગ આવો મોહવશ, તામસી ને વિફળ છે.

૮. કર્મને દુઃખ સમજીને કે, કાયકલેશ ભયે કરે,
તે રાજસી ત્યાગ છે, તેમાં કંઈ ના ફળ રહે.

૯. નિયત કર્મ યોગ્ય સમજી, કર્તવ્ય સદા અર્જુન! કરે,
આસક્તિ, ફળ ત્યજી રહે, ત્યાગ સાત્ત્વિક તે કરે.

૧૦. કુશળ કર્મે રાગ નહીં  અકુશળનો દ્વેષ નહીં,
એ ત્યાગી અસંશયી, જ્ઞાનવાન ને સત્ત્વગુણી.

૧૧. અશકય દેહધારીથી, સમગ્ર સદાયે કર્મત્યાગ,
કર્મફળ જે ત્યાગ કરે, તે ત્યાગી ખરે જ થાય.

૧૨. ઈષ્ટ, અનિષ્ટ, અને મિશ્ર, ત્રણ પ્રકારના કર્મફળ
અત્યાગી પામે છે તેને, સંન્યાસી રહેતા નિર્મળ.

૧૩. સર્વ કર્મ સિધ્ધિતણાં પાંચ હેતુઓ કહયાં છે,
જાણ હે મહાબાહુ! સાંખ્યશાસ્ત્રમાં કહ્યાં છે.

૧૪. અધિષ્ઠાન દેહ, કર્તા, કરણો વિધવિવિધ,
વિવિધ પ્રકારની ક્રિયાઓ, પાંચમું દૈવ ઠીક.

૧૫. મન, વચન, કાયા વડે જે કાંઈ કર્મ જે કરે
ઉચિત કે અનુચિત કરે, આ પાંચ કારણોથી કરે.

૧૬. કાર્ય કારણ આ પાંચ, છતાં સ્વયંને કર્તા જુએ,
મૂર્ખ મલિન બુદ્ધિ તે, સત્યને ન યથાર્થ જુએ.

૧૭. 'કર્તા' અહંકાર નથી, ને લેપાઈ બુદ્ધિ નથી,
હણી લોકને, હણે નહી ને કર્મે બંધાયે નહીં.

૧૮. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય, ત્રણ કર્મના પ્રેરક થાય,
કરણ, કર્મ અને કર્તા, ત્રણ કર્મના પોષક થાય.

૧૯. જ્ઞાન, કર્મ, કર્તાના, ગુણ થકી ત્રણ પ્રકાર છે,
સાંભળ પાર્થ! યથાર્થ, તે વર્ણવ્યા સાંખ્ય શાસ્ત્રે છે.

૨૦. સર્વત્ર ભિન્ન ભૂતોમાં, જેથી સમાન ભાવ રહે,
જુએ અખંડ અવિનાશી, તે જ્ઞાનને સાત્વિક કહે.

૨૧. ભિન્ન ભિન્ન ભૂતોમાં, જેથી પૃથક ભાવ રહે,
વિવિધ ભાવે પૃથક જુએ, તે જ્ઞાનને રાજસ કહે.

૨૨. એક પ્રત્યક્ષે આસકત રહે, જાણે બધું તે પૂર્ણ જુએ,
તત્ત્વરહિત, મિથ્યા, અલ્પ, તે જ્ઞાનને તામસ કહે.

૨૩. નિયત કર્મ અવિરત રહી, રાગદ્વેષ વિના કરે,
ફળની લાલશા રાખે નહીં, તે કર્મને સાત્વિક કહે.

૨૪. અતિ પરિશ્રમ વડે કરે, અને અહંકાર બહુ રહે,
ફળ લાલશા રહી જેમાં, તે કર્મને રાજસ કહે.

૨૫. પરિણામ, હાનિ, હિંસા તથા સાર્મથ્ય અવગણે,
આક્રમક બનીને કરે, તે કર્મને તામસ કહે.

૨૬. આસકિત અહંકારવિણ, ધૈર્ય, ઉત્સાહ સભર રહે,
સિદ્ધિ અસિદ્ધિએ નિર્વિકાર, તે કર્તા સાત્વિક કહે.

૨૭. રાગી, ફળવાંછુ, લોભી, અસ્વચ્છ હિંસક રહે,
હર્ષ શોકે બદલાયે, તે કર્તા રાજસ કહે.

૨૮. અસ્થિર, પામર, ઘમંડી, પરદ્રોહી ને ઠગ રહે,
પ્રમાદી, વિષાદી, દીર્ઘસૂત્રી, તે કર્તા તામસ કહે.

૨૯. બુદ્ધિને ધૃતિના ભેદો, ત્રણ જાતના જુદા કહે,
વર્ણવું છું ધનંજય! સાંભળજે તું એ સૌને.

૩૦. પ્રવૃતિ નિવૃતિ જાણે, કાર્યાકાર્ય જાણે યથાર્થ,
ભયાભય, બંધ મોક્ષ જાણે, બુદ્ધિ તે સાત્વિક પાર્થ!

૩૧. ધર્મ અને અધર્મને તથા કાર્ય કે અકાર્યને,
અયથાર્થ જાણે પાર્થ! તે બુદ્ધિ રાજસ કહે.

૩૨. અંધકારે આવૃત્ત જે, ધર્મ માને અધર્મને,
સઘળાં અર્થો, વિપરીત ગણે તે બુદ્ધિ તામસ કહે.

૩૩. મન, ઈન્દ્રિય પ્રાણોનાં, ક્રિયા નિયમન સ્થિર કરે,
ધૃતિ અનન્ય યોગે જે, તે ધૃતિ સાત્વિક કહે.

૩૪. ધર્મ, અર્થ તથા કામને, જે ધૃતિ ધારણ કરે,
આસકિત ને ફલેચ્છાથી, ધૃતિ, પાર્થ! રાજસ તે.

૩૫. સ્વપ્ન, ભય તથા શોકને, અને ખેદ તથા મદને,
જેથી કુબિદ્ધિ ન ત્યજે ધૃતિ પાર્થ! તામસ તે.

૩૬. સુખ હોય ત્રણ પ્રકારે, ભરતશ્રેષ્ઠ! સાંભળ હવે,
અભ્યાસે આનંદ રહે દુઃખોનો તે નાશ કરે.

૩૭. આરંભે વિષ જેવું જે, અંતે અમૃત સમાન જે,
શાંત નિર્મળ બુદ્ધિએ થાયે, તેને સુખ સાત્વિક કહે.

૩૮. આરંભે અમૃત સમાન, અંતે ઝેર જેવું રહે,
વિષયેન્દ્રિય સંયોગે થાયે, તે સુખને રાજસ કહે.

૩૯. આરંભે ને અંતે એ, જીવને મોહિત કરે,
નિદ્રા, આળસ, પ્રમાદે જે, તેને સુખ તામસ કહે.

૪૦. નથી કોઈ પૃથ્વીમાં, કે સ્વર્ગમાં દેવો વિશે,
પ્રકૃતિએ ઉત્પન્ન આ, ત્રણ ગુણોથી મુકત રહે.

૪૧. જ્ઞાન, વીરતા, વેપાર અને સેવા આ પ્રમાણે,
ચાર પ્રકારે કર્મ છે, સ્વભાવ ગુણ પ્રમાણે.

૪૨. શમ, દમ, તપ, શૌચ, ક્ષમા, સરલતા જ્ઞાન,
જ્ઞાન કર્મ સ્વાભાવિક, શ્રદ્ધા તત્ત્વ વિજ્ઞાન.

૪૩. શોર્ય, તેજ, સ્વામીત્વ, દક્ષ, યુદ્ધે અડગવીર,
વીરતા ધર્મ સ્વાભાવિક, ઉદાર આસ્તિક ધીર.

૪૪. ખેતી, વેપાર, ગોપાલન, સહજ વેપાર કર્મ
પરિશ્રમ, સેવા નિપુણતા, સહજ સેવક ધર્મ.

૪૫. કર્તવ્યે પોતાના રત, સિદ્ધિ પામી જાય છે,
નિજ કર્મે સાંભળ હવે, કેમ સિદ્ધિ થાય છે.

૪૬. જેથી ઉદ્‌ભવે પ્રાણીઓ, જેથી વ્યાપ્ત ચરાચર,
સ્વકર્મથી પૂજી તેને, સિદ્ધિને પામે છે નર.

૪૭. હીણો પણ સ્વધર્મ સારો, સારા થતા પરધર્મથી,
સ્વભાવે જે નિયતકર્મ, કર્યાંથી દોષ થતો નથી.

૪૮. દોષયુકત પણ સહજ કર્મ, ન કૌંતેય! ત્યાજય છે,
આરંભ માત્રે દોષ રહે, જેમ ધૂમથી આગ છે.

૪૯. સર્વત્ર આસકિત વિણ, જિતાત્માને નિસ્પૃહી,
નિષ્કર્મની પરં સિદ્ધિ, પામી રહે એ સંન્યાસી.

૫૦. કૌંતેય! સિદ્ધિ પામીને, જે પ્રકારે બ્રહ્મ મળે,
નિષ્ઠા પરં જ્ઞાનની જે, કહું છું સંક્ષેપે તને.

૫૧. વિશુદ્ધ બુદ્ધિ રાખે તે, આત્મ સંયમે દઢ રહે,
શબ્દાદિ વિષયો ત્યજે, રાગદ્વેષને નષ્ટ કરે.

૫૨. એકાંત પવિત્ર સ્થાને રહે, વાણી મન દેહ વશ કરે,
મિતાહારી, ધ્યાનમગ્ન, વૈરાગ્યને દઢ રહી ધરે.

૫૩. કામ ક્રોધ બળ અહંકાર, ગર્વ, સંગ્રહ ત્યાગ કરે
મમતા રહિત, શાંત તે બ્રહ્મ પામવા યોગ્ય ઠરે.

૫૪. બ્રહ્મનિષ્ઠ, પ્રસન્નાત્મા, સૌ પ્રાણીને સમભાવી,
શોક, કામના કરે નહીં, પામે પરમ ભક્તિ મારી.

૫૫. હું જેવો, જેમ યથાર્થ, ભક્તિથી જાણે મને,
તત્ત્વે આમ જાણીને, તત્કાળ એ મળે મને.

૫૬. સઘળાં નિત્ય કર્મોને, મારે શરણે રહી કરે,
અખંડ પદ શાશ્વતને, મુજ કૃપાએ પ્રાપ્ત એ.

૫૭. મનથી બધા કર્મો મને અર્પી મારો ભક્ત થઈ
ચિત્ત મારામાં રાખ સતત, બુદ્ધિ યોગની મદદ લઈ.

૫૮. મારી કૃપાથી સૌ દુઃખો, મચ્ચિત્તે તું તરી જશે,
અહંકારે ન સૂણીશ તો, નિશ્ચે તારો નાશ થશે.

૫૯. અહંકારે 'નહીં લડું', માનતો જો તુ હશે,
વ્યર્થ તારો એ નિશ્ચય, પ્રકૃતિ જોડશે તને.

૬૦. મોહવશ ના ઈચ્છતો, સ્વાભાવિક સ્વકર્મને,
હે કૌંતેય! કરીશ તું, બંધાઈને અવશપણે.

૬૧. સંસારચક્રે ફેરવે, માયાથી સૌ પ્રાણીને,
પરમેશ્વર હે અર્જુન! સૌના હૃદયે વસીને.

૬૨. તેથી સર્વ ભાવો વડે, તેને શરણે જા ભારત!
તેની કૃપાથી પામશે, શાંતિ ને તું પદ શાશ્વત.

૬૩. ગુહ્યથી પણ અતિ ગુહ્ય, જ્ઞાન આ મેં કહ્યું તને,
વિચાર પૂરો કરી, કર ઉચિત જે લાગે તને.

૬૪. સૌમાં અતિગુહ્ય પરમ, સૂણ મારાં વચનને,
અતિપ્રિય તું મને, તુજ હિતે પુનઃ કહું તને.

૬૫. મારામાં મન પરોવી, ભક્તિ યજન નમ મને,
માકું સત્ય વચન પ્રિય, નિશ્ચે પામશે તું મને.

૬૬. સર્વ ધર્મો છોડીને, મારું જ શરણ લે અહીં,
સૌ પાપોથી છોડાવીશ, ચિંતા કરજે તું નહીં.

૬૭. નહીં તપ, નહીં ભક્તિ, જેને શ્રવણ ધ્યાન નહીં,
કે જે નિંદા કરે મારી, આ જ્ઞાન કહેવું નહીં.

૬૮. જે આ પરમ ગુહ્ય જ્ઞાન, આપશે મુજ ભકતને,
પરાભક્તિ કરી મારી, અવશ્ય પામશે મને.

૬૯. મારું પ્રિય કરનાર, એથી અધિક કોઈ નહીં,
મને પ્રિય રહે જગતમાં, એથી અધિક કોઈ નહીં

૭૦. ધર્મસંવાદ આ આપણો, અધ્યયન કોઈ જે કરે,
ઉપાસતા જ્ઞાનયજ્ઞે મને, તેવો મારો મત રહે.

૭૧. જે કોઈ આનું શ્રવણ કરે, શ્રદ્ધાથી ને દ્વેષ વિના,
મુકત થઈ પામી રહે, શુભલોક પુણ્યવાનના.

૭૨. હે પાર્થ! એક ચિત્તે આ બધું તેં સાંભળ્યું કે ?
અજ્ઞાન–મોહનો નાશ હવે, હે ધનંજય! થયો કે ?

અર્જુન બોલ્યા :

૭૩. મોહ ગયો છે, સ્મૃતિ થઈ છે, અચ્યુત! આપની કૃપા થકી
સંદેહ ગયો છે, સ્થિર થયો છું, વર્તીશ આપના વચન થકી.

સંજય બોલ્યા :

૭૪. આવો અદ્‌ભૂત સંવાદ, વાસુદેવ પાર્થ મહાત્માનો,
અર્જુનને રોમાંચકારી, મનેય રોમાંચ થયો ઘણો.

૭૫. સાક્ષાત્ સ્વમુખે કહ્યો, યોગેશ્વર શ્રી કૃષ્ણએ,
વ્યાસ–કૃપાથી સાંભળ્યો મેં, પરમ ગુહ્ય યોગ એ.

૭૬. આ કૃષ્ણાર્જુન સંવાદ, મહાઅદ્‌ભૂત પાવનકારી,
હર્ષિત થાઉં છું, રાજન્! સંભારીને ફરી ફરી.


૭૭. હરિના અદ્‌ભૂત રૂપને સંભારું છું ફરી ફરી
પરમ વિસ્મય પામું છું, હરખાઉં છું ફરી ફરી.

૭૮. જયાં યોગેશ્વર કૃષ્ણ છે અને ધનુર્ધર પાર્થ છે
ત્યાં વસે લક્ષ્મી, વિજય, સમૃદ્ધિ નીતિ મુજ મત છે.

આ મોક્ષ અને સંન્યાસનો માર્ગ છે. આમાં સંન્યાસ અને ત્યાગનો તફાવત, કર્મફળમાં અનાસકિતની સર્વોપરિતા, યજ્ઞ દાન અને તપ કરવાની આવશ્યકતા, ત્રણ પ્રકારના જ્ઞાન, કર્મ, કર્તા, બુદ્ધિ, ધ્રુતિ સુખ અને ચાર પ્રકારના સ્વાભાવિક કાર્યો, સ્વધર્મની યથોચિતતા, પરમ બ્રહ્મને પામવાના રસ્તા, પરમમાં પ્રવેશવાના પગલાં તરીકે ભકિત, નિયત કર્મો કરવાની અનિવાર્યતા, આત્માની સર્વવ્યાપકતા, શીખનારને કાર્ય સ્વાતંત્ર્યની તક, પરમને સમર્પણ કરવા માટે સૂચનાઓ, દુઃખમાંથી મુકિત માટે બધા ધર્મો છોડીને પરમાત્માનું શરણ સ્વીકારવું, પરમજ્ઞાન આપવા, શીખવવા અને અદાન–પ્રદાનની માર્ગદર્શિકા, અને અદ્‌ભૂત સંવાદો અને મહારૂપ દર્શનનું પુનઃસ્મરણ અને જયારે મહાગુરુ અને મહાન સિદ્ધ સંવાદીતામાં રહે ત્યારે પ્રગટતા સાર્વત્રિક પ્રગતિનાં વર્ણન કરેલ છે.

ૐ તત્ સત્

# ગીતાસત્ત્વ અને પદ્ધતિ




| | | | | |
|---|---|---|---|---|
| ① | ૧ | ભકિતભાવ અર્પણ કરો | – | પ્રેમ સ્વીકાર કરો. |
| | ૨ | પ્રેમ અર્પણ કરો. | – | ભકિતભાવ સ્વીકાર કરો. |
| ② | ૩ | કર્મ અર્પણ કરો | – | મૂલ્ય સ્વીકાર કરો. |
| | ૪ | મૂલ્ય અર્પણ કરો. | – | કર્મ સ્વીકાર કરો. |
| ③ | ૫ | સ્વાધ્યાય અર્પણ કરો | – | જ્ઞાન સ્વીકાર કરો. |
| | ૬ | જ્ઞાન અર્પણ કરો. | – | સ્વાધ્યાય સ્વીકાર કરો. |
| ④ | ૭ | ઉત્તરદાયિત્વ અર્પણ કરો | – | શ્રદ્ધા સ્વીકાર કરો. |
| | ૮ | શ્રદ્ધા અર્પણ કરો. | – | ઉત્તરદાયિત્વ સ્વીકાર કરો. |

# જિંદગીનું ગીત
## (જીવન ગીતા)

**૧. વિષાદ.**

સંઘર્ષણ કે માનસિક કલેશના સમયે જયારે સ્પષ્ટતા થતી નથી ત્યારે
વ્યકિત વિષાદમાં ડૂબી જાય છે અને તે પીછેહઠ કરે છે.

**૨. પ્રકાશ**

જયારે સાચા અને દુષ્ટ પરિબળો વચ્ચે સંઘર્ષ ચાલતો હોય ત્યારે સારાં તત્વોએ
જાગવું જોઈએ અને પરિસ્થિતિને પહોંચી વળવા કટિબદ્ધ થવું જોઈએ.

**૩. કર્મ**

કર્તવ્ય કર્મ કરતા રહેવું એ જિંદગીની નદી પાર કરવા માટેની નૌકા છે.

**૪. જ્ઞાન**

જયારે કર્મને જ્ઞાનરૂપી અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે તે અનુભવનો ખજાનો બને છે.

**૫. નિષ્કામ કર્મ**

કર્મની પવિત્રતા આત્મ પવિત્રતા તરફ દોરી જાય છે.

**૬. આત્મસંયમ**

સ્થિર મન આત્મ સામર્થ્ય તરફ લઈ જાય છે.

**૭. જ્ઞાનવિજ્ઞાન**

વૈશ્વિક ચેતના પૂર્ણતાના બધા ઘટકોને સંયોજે છે.

**૮. બ્રહ્મ**

સમર્પિત કરેલું કર્મ, અંદરના સત્વને
અવ્યય પરમ સાથે જોડે છું.

**૯. રહસ્ય**

જયારે કોઈ બધી જ જવાબદારી પોતાની
ઉપર લ્યે છે ત્યારે તે સર્વોપરી બને છે.

## પછીનું પગલું

ધનંજય અર્જુનને, ધનુષ્યબાણ સજ્જ જોઈ,
યોદ્ધાઓએ હર્ષનાદે વધાવ્યો જયઘોષથી.

## ગીતા - જીવનપ્રકાશ

ગીતા શ્રવણથી બુદ્ધિ જીતાય છે.
ગીતા અભ્યાસથી જ્ઞાન જીતાય છે.

ગીતા સમજથી સંત થવાય છે.
ગીતા આચરણથી મુકત થવાય છે.

શ્રદ્ધા અને ભકિતથી શરૂઆત કરો.
નિરાભિમાની રહી, પોતાના કાર્યમાં ઉત્કૃષ્ટ રહો,
પરમ તત્વ, તે ઉત્કૃષ્ટતાને સમજો.
સંવાદીતા અને પ્રસન્ન ચિત્ત સાથે તમે પોતે બની રહો.

**આ તે છે.**
**આ (ગીત) તે (દિવ્ય) છે.**